॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 9 • Issue : 2 • 5th Sep.; 2026 • Price : Rs. 10



**પૂજ્ય શ્રીમોટાનો ૧૨૯મો જન્મદિન ઉત્સવ તા. ૦૪-૧૦-૨૦૨૬ ને રવિવારના રોજ છે.**
**વધુ વિગતો ટાઇટલ-૨ ઉપર આપેલી છે.**

હરિઃૐ

હરિઃૐ



મારે સમાજને બેઠો કરવો છે.

સમાજ મારો ભગવાન (દેવતા) છે.

હું સર્વત્ર વિદ્યમાન છું.

આત્મીય સ્વજનશ્રી,..............................................................................

પૂજ્ય શ્રીમોટાનો ભાદરવા વદ ચોથ ૧૨૯મો અવતરણ દિન છે. પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈ-બહેનોનાં મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર પ્રાપ્ત થયેલ છે. પૂજ્ય શ્રીમોટાના મૌલિક અને અનેરા એવા આ ‘ઉત્સવ’માં આપ સૌને સપરિવારજનો-મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

## સ્નેહાધીન

શ્રી કનુભાઈ ઉમેદભાઈ પટેલ • શ્રી ધ્રુવલ દર્શનભાઈ પટેલ
શ્રીમતી જાગૃતિ દર્શનભાઈ પટેલ • શ્રીમતી પૂજા ધ્રુવલ પટેલ
(ભગત બીડી પરિવાર)

### મિલન સમારંભનું સ્થળ

શ્રી લેઉઆ પાટીદાર સમાજની વાડી, હરિહર સોસાયટી પાસે, કુમાર શાળા રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦

## યજમાન નિવાસ સ્થાન

સી-૩/બી, ક્રિશ અતુલ્ય બંગ્લોઝ, મેંગો સિનેમા પાસે,
ફોરચ્યુન સર્કલ, નરોડા, અમદાવાદ
જાગૃતિબેન - ૯૯૨૫૨ ૮૦૦૫૭

## ઉત્સવ (મિલન સમારંભ) કાર્યક્રમ

તા. ૦૪-૧૦-૨૦૨૬ ને રવિવાર

| | | |
|---|---|---|
| ૦૬-૩૦ થી ૦૭-૩૦ | : | ચા-કૉફી, અલ્પાહાર |
| ૦૭-૩૦ થી ૦૮-૩૦ | : | હરિઃૐ ધૂન (લવાછા મંડળ) |
| ૦૮-૩૦ થી ૦૯-૩૦ | : | નિત્યપ્રાર્થના, આરતી |
| ૦૯-૩૦ થી ૧૧-૦૦ | : | ભજનો (ભાવિક પટેલ અને સાથીવૃંદ) |
| ૧૧-૦૦ થી ૧૧-૩૦ | : | પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન |
| ૧૧-૩૦ થી ૧૨-૦૦ | : | આશ્રમનો અહેવાલ, આભાર વિધિ, ગુરુવંદના, મહાપ્રસાદ |

તા. ૦૩-૧૦-૨૦૨૬ ને શનિવારના રોજ સાંજે બહારગામથી આવનાર સ્વજનો માટે ઉતારાની વ્યવસ્થા રાખેલ છે. આવનાર સ્વજનની સંખ્યા તા. ૩૧-૦૯-૨૦૨૬ સુધીમાં નીચેના વોટ્સએપ નંબર પર અચૂક જાણ કરશો. જેથી સુચારુરૂપે યોગ્ય વ્યવસ્થા કરી શકાય.

મંગેશભાઈ પટેલ : ૯૮૨૫૦૮૩૦૮૦ • જગતભાઈ કોન્ટ્રાક્ટર : ૯૩૨૭૫૬૪૭૦૭

# 'મોટા'ને કેટલો સમય જીવતો રાખ્યો ?

અનેક મળેલા જીવો કંઈ કંઈ પ્રકારની આશા, અપેક્ષાઓ 'મોટા' દ્વારા ફળીભૂત થાય એમ ઇચ્છે. હું તો કેટલીય વેળા, તેમના કથનમાં તાદાત્મભાવે સહાનુભૂતિ દઢાવીને, તેવું તેવું બોલતો પણ હોઉં. તેમ છતાં તેવું થવું કે ના થવું તે કાંઈ મારા હાથની વાત નથી જીવનમાં કંઈ કશામાંથી છટકી જવાનું કદી પણ દિલ કર્યું નથી. ભાગી છૂટવાનું તો જાણ્યું જ નથી. તેથી તે તે સ્વજનોને માટે તેવી તેવી આશા, અપેક્ષાઓ, માગણી વગેરેને માટે **श्रीहरि** કૃપાથી પ્રાર્થના કરવાનું આ જીવ ચૂક્યો નથી. આના પણ પ્રત્યક્ષ જીવતાજાગતા સાક્ષી છે. તેવી તેવી પાર્થના કરતી વેળાએ કોઈક જીવ હાજર હોય તો તે જીવ મોટા આવા પ્રકારની પ્રાર્થના કરે છે ને તેને પ્રત્યક્ષપણે પ્રભુકૃપાથી બતાવાયું છે. કેટલીક પ્રાર્થના ફળેલી પણ છે. પરંતુ તેમાં ખરું મહત્ત્વ તો **श्रीहरि**ના સામર્થ્યનું છે, આ '**जीव**'નું કશું નથી.

તમારું દિલ સંપૂર્ણ તમે કયાં અર્પી દીધું છે ? વિના દીધા કશું મળવું ન વ્યવહારેય શક્ય જ તે.

અમારાથી જ મેળવવા તમારી મનની મરજી જો, મળી, હળી ને ભળી દિલમાં ગળી **एक** થઈ જુઓ. મદદ દીધી. ન ના તેની, પરંતુ તેય દેતી પળ હતી કેવી તમારામાં હૃદય-સભાનતા તીવ્ર ?

**હૃદયની ભાવના પર ને હૃદય-સમજણ પરે શો તો !**
**હૃદયની જાગૃતિ પર શો પૂરો આધાર તે તે છે !**

કેટલાંક મળેલાં વળી મને કહે : મોટા, તમારી સાથે આટલાં બધાં વરસો ગાળ્યાં છતા તમારું તો કંઈ કશું ન વળ્યું ! ત્યારે મારે તેમને કહેવાનું થાય છે કે, દિવસના ચોવીસ કલાકમાં તમારાં મનાદિકરણોમાં ને હૃદયમાં 'મોટા'ને તમે કેટલા કલાક જીવતો રાખ્યો છે ? તેનો પ્રત્યક્ષપણે બધાં સ્વજનો વિચાર કરી જુએ. તો તેમને તેવું બોલવામાં કેટલી વાસ્તવિકતા છે તે તેમને સમજાઈ જશે. વરસના ગાળામાં પાંચ-દસ વાર આપણે મળ્યાં કે એકાદ દિવસ સાથે રહ્યાં. તેથી કશું વળી ના શકે તે તો દિલમાં તે પરત્વેની ઉત્કટ તીવ્રતા, તીવ્ર લગની લાગી ગયેલી હોવી જોઈએ. તે વિના તો કશો પત્તો ખાવાનો જ નથી.

*('જીવન આહ્લાદ' : 'લેખકનાં બે બોલ'માંથી પૃ. ૯ થી ૧૧)*

વર્ષ-૯, અંક-૨ હરિઃૐ ગુંજન સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૨૬
WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | માનવશરીરનું તેમજ જન્મદિનનું મહત્ત્વ | – શ્રી નંદુભાઈ શાહ | ૫ |
| ૨. | ગુરૂપૂર્ણિમા ઊજવણી (હરિઃૐ આશ્રમ, નડિયાદ) – અહેવાલ | – રાજેન્દ્ર રાવલ | ૯ |
| ૩. | સાધનામર્મ-૬ (વિવરણ) | – ડૉ. રમેશ ભટ્ટ | ૭ |
| ૪. | ગાંધીજીનું પારમાર્થિક ભાવે જીવન | – શ્રીમોટા | ૯ |
| ૫. | પ્રેમશક્તિ | – શ્રીમોટા | ૧૧ |
| ૬. | જીવનના અંતર્યામી સારથિ | – શ્રીમોટા | ૧૪ |
| ૭. | જીવનનો વાસ્તવિક ધર્મ : વિસ્તારપણું | – શ્રીમોટા | ૧૬ |
| ૮. | કર્મનું મહત્ત્વ, ખૂબી, રહસ્ય સમજી આચરાય તો ઉત્તમ | – શ્રીમોટા | ૧૮ |
| ૯. | પ્રકૃતિ પર વિજય | – શ્રીમોટા | ૨૦ |
| ૧૦. | ભગવાનનો ભાવ | – શ્રીમોટા | ૨૩ |
| ૧૧. | સેવાધર્મો પરમ ગહનો | – શ્રી નંદુભાઈ શાહ | ૨૪ |
| ૧૨. | અદ્‌ભુત પ્રેમમૂર્તિ મોટા | – ડૉ. સુમન્ત શાહ | ૨૫ |
| ૧૩. | હરિઃૐ આશ્રમને મળેલ દાન, હરિઃૐ ગુજનને સહયોગ, ગયેલા આત્માને હૃદયાંજલી | | ૨૬ |


## હરિઃૐ આશ્રમ, નડિયાદ

- **તા. ૨૦-૧૦-૨૦૨૬ : મંગળવાર** દશેરા, વિજયાદશમી (ધજારોહણ સવારે ૮-૩૦ કલાકે) મહાપ્રસાદ સવારે ૧૦-૩૦ કલાકે (યજમાન આશરા પરિવાર, મુંબઈ-અમદાવાદ)
- **તા. ૦૮-૧૧-૨૦૨૬ : રવિવાર** દિવાળી, દીપાવલી, ચોપડાપૂજન, સરસ્વતી પૂજન (સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન ચોપડાપૂજન કરવામાં આવશે.)
- **તા. ૧૦-૧૧-૨૦૨૬ : મંગળવાર** નૂતન વર્ષારંભ (વિક્રમ સંવત ૨૦૮૩ પ્રારંભ)

**નોંધ :** (૧) ચોપડાપૂજનના સમયે સ્વજનો અગાઉથી જાણ કરીને હાજર રહી શકશે.
(૨) જે વેપારી/સ્વજનોને પોતાના ચોપડાપૂજન હરિઃૐ આશ્રમમાં કરાવવું હોય તેઓએ તા. ૦૫-૧૧-૨૦૨૬ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં ચોપડા આશ્રમમાં આપી જવા.

# ૧. માનવશરીરનું તેમજ જન્મદિનનું મહત્ત્વ – શ્રીમોટા

હરિ : ૐ સાયલા, ૯-૯-૪૭

આ પત્ર તમને **ભાદરવા વદ ચોથને દિવસે કાં તો એક દિવસ પહેલો પણ મળે.** તે દિવસે આ શરીર ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. શરીરનાં જન્મમરણ તો અનેક થયા કરેલાં છે પણ માનવીના શરીરનું મહાત્મ્ય ઘણુંઘણું છે. એવું એનું મહાત્મ્ય ને રહસ્ય સમજાય તે કાજે જ જન્મદિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે. આ મળેલા શરીરથી જ તે, જે તે કરી શકતો હોય છે, શુભ કે અશુભ કર્મ પણ એના વડે જ **જીવ** કરી શકે છે. તે શરીર વડે જ **જીવ** કાં તો વધારે બંધાતો હોય છે કાં તો વધારે મુક્ત થતો જતો હોય છે.

શરીર છે ત્યાં સુધી **જીવ**ની ભોગક્રિયા તો ચાલુ રહેવાની જ; પરંતુ તેવી ક્રિયામાં જ **જીવ** બળિયો, રસિયો ને ચેતેલો થયેલો છે, તેવો **જીવ** તો તેમાં કોઈ અનોખી રીતે જ પ્રવર્તતો હોય છે. એક મા પોતાના બાળકનું મેલું ઉપાડે તેમાં જે વૃત્તિ હોય ને એક ભંગી જાજરૂમાંથી મેલું ઉપાડે, એ બે **જીવ**ની, તે તે કર્મ કરતી પળેની વૃત્તિમાં આસમાન જમીનનો જેમ ફરક હોય છે તેમ તે બળિયા, રસિયા અને નિષ્ઠાવાન **જીવ**નાં તેવા કર્મમાંના હેતુ, સમજણ અને કર્મને ભોગવતા સમયનાં ધ્યાન અને લક્ષ - સંસારી **જીવ** કરતાં જુદા જુદા પ્રકારનાં રહેતાં હોય છે. બન્નેય ભોગવે છે તો કર્મ; અને બંનેનું કર્મ તો એક સરખું લાગે છે, પણ બંનેની ભોગવવાની માનસિક રીતમાં ને હૃદયની તે વેળાની ભાવનાના-ધારણામાં ઉત્તર-દક્ષિણ જેવો તફાવત હોય છે. જે જે કંઈ **જીવ** જો કરી શકતો હોય છે તો તે શરીરને કારણે જ; તેથી શરીરનું મહત્ત્વ દિલમાં પૂરેપૂરું જાગૃત અને સચેતન બને તો જન્મદિવસનું ભાન થવું તે યોગ્ય પ્રકારનું ગણાય; પરંતુ એ રીતે શરીરના જન્મદિવસને આપણે કોઈ ખ્યાલમાં રાખતા નથી.

માનવીના શરીર દ્વારા **જીવ** મુક્તિને પામી શકે છે; બીજી કોઈ યોનિના શરીરથી તેમ થવા શક્યતા લાગતી નથી. તેથી આ માનવશરીરની મહત્તા અનંતગણી છે એમ જાણી એને જે **જીવ** ભગવાનનું મંદિર ગણીને પ્રત્યેક કર્મ કરતી પળે એનો સદુપયોગ કર્યા જ કરે છે, તે **જીવ** તરી જાય છે.

શરીર રહે છે ત્યાં સુધી એને સારું કર્મ ને નરસું કર્મ પણ મળ્યાં જ કરવાનું. બંને પ્રકારના કર્મમાં **જીવ** ધારણા તો પોતાની ભાવના-સમજણની જ કર્યા કરવાની છે ન તો સારાને જોવાનું છે કે ન તો નરસાને જોવાનું છે. પણ તે બન્ને તો માત્ર, ગુણની લીલા છે. તેવાં કર્મ **જીવન**ને વિકસાવવાને જ મળેલાં છે અથવા તો મનને સમતા, શાંતિ તટસ્થતા, સાક્ષીપણું, ધીરજ, સહનશીલતા, ઉદારતા, વિશાળતા, પ્રેમભાવના વગેરે દૈવી સંપત્તિના ગુણો કેળવવાને કાજે તે તે કર્મ મળ્યા કરે છે; એવો હેતુ જો **જીવ** પ્રત્યેકમાં જીવતો રાખી શકે, તો સારાં કે નરસાં કોઈ પણ કર્મ એને બંધનકર્તા નથી નીવડતાં તે તે કર્મમાંથી તે **જીવ** પોતાના જીવનનો હેતુ જ ફળાવતો જતો હોય છે, ને એમ પ્રત્યેક કર્મ એને **જીવ**ને જીવનને ફળાવનારાં થયે જતાં હોય છે. જેમ વેપારીને ત્યાં તો અનેક પ્રકારના સારા અને નરસા સ્વભાવના ઘરાકો આવે છે, પણ દરેક સાથે એને નિસ્બત છે માત્ર કમાવાની જ; તે તેના તેવા તેવા સ્વભાવને મહત્ત્વ દેવાનું કરતો હોતો નથી. પરંતુ કમાવાનો હેતુ લક્ષમાં રાખીને સારા કે નરસા પાસેથી તે પોતાનો હેતુ જ ફળાવી લેવાનું કરતો હોય છે. તે હકીકત જેમ સમજી શકાય તેવી છે. તેવી રીતે જે **જીવ** પોતાને મળતાં રહેતાં સારાં કે નરસાં કર્મમાં એકમાત્ર પોતાના જીવનનો હેતુ જ ફળાવી શકવાના એકતાનમાં રહે છે, તેવા **જીવ**ને કર્મનું સારા કે નરસાપણું નડતું હોતું નથી. એ તો માત્ર સમજે છે તેમાં તેમાંથી પોતાના જીવનનો હેતુ ફળાવવાનો જ; અને તેવો હેતુ ફળાવવાનું શરીર વિના શક્ય હોતું નથી. તેથી શરીરનો હેતુ પણ અનંતગણો છે ને તે સાચો છે.

**આ શરીરનો જન્મદિવસ ભાદરવા વદ ચોથના રોજ આવે છે; તે દિવસે તમારો તમારાં બધાંના હૃદયની શુભભાવના ધારણા ને હૃદયના આશીર્વાદ માંગું છું. તમારા મનની ભાવના પ્રેરકપણે તે દિવસે આ જીવમાં રાખવા વિનંતી છે; ને તે દિવસનાં થતાં સકળ કર્મમાં આ જીવની ચેતનાસ્મૃતિની ધારણા હૃદયથી રાખવાનું કર્યા કરશો તો આ ગરીબ ન્યાલ થયો ગણાશે.**

*('જીવનપ્રેરણા' આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૮૨ થી ૮૫)*

## ૨. ગુરૂપૂર્ણિમા ઊજવણી (હરિઃૐ આશ્રમ, નડિયાદ) – અહેવાલ

આશ્રમમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી માટેની તૈયારી છેલ્લા બે દિવસથી સતત ખૂબ જ સરસ ચાલતી હતી. યજમાન શ્રી મનન પરેશભાઈ શાહ અને ચાર્મી મનન શાહ તેમજ પરેશભાઈ શાહ (પિતાશ્રી) કે જે આશ્રમમાં મેનેજર તરીકેની સેવાઓ આપે છે. તેમણે પણ અંગત રસ લઈને આશ્રમમાં આવવા-જવાના રસ્તા ઉપર પૂજ્ય શ્રીમોટાના વચનામૃતની ચોપડીમાંથી કેટલાક વચનામૃતો સિલેક્ટ કરીને અંદાજે ૫૨ (બાવન) જેટલાં ફ્લેક્ષ બેનર તૈયાર કરીને તે રસ્તાની બંને બાજુઓ ઉપર તોરણની જેમ બંધાવેલા, જે ખૂબ જ સરસ લાગતું હતું અને આવનાર સ્વજનો તે વાંચવામાં તલ્લીન થઈ જતાં. આગળનો દિવસ પૂજ્ય શ્રીમોટાના ઓટલા ઉપર પણ આખો દિવસ શણગારવામાં ગયો હતો. ગામના છોકરાઓ અને સ્વજનો ભેગા થઈને ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણીની તૈયારી કરતા હતા.

તા. ૨૯-૦૭-૨૦૨૬ને બુધવારના રોજ ગુરૂપૂર્ણિમાની શરૂઆત સવારે અલ્પાહાર તેમજ ચા-કોફીથી થઈ. બરાબર ૮-૩૦ કલાકથી પૂજ્ય શ્રીમોટાના ગુરૂ સ્તોત્રો, શ્રીહરિ સ્તવન, મોટાચરણેના (૧૦૯ શ્લોક) ભજનો અને હરિઃૐ ધૂન ૧૧-૩૦ સુધી ચાલ્યા.

પૂજ્ય શ્રીમોટાના પુસ્તક વિમોચનના જુદાજુદા અંદાજે ઘણા બધા પુસ્તકોમાંથી ચૂંટેલા ફકરાઓનું પુસ્તક **'નિરંતર વિકાસ'**નું સંકલન ડૉ. રમેશભાઈ ભટ્ટ સાહેબ દ્વારા સૌપ્રથમ તૈયાર કરવામાં આવેલ. ત્યારબાદ તેનું સંસ્કરણ નડિયાદના પ્રોફેસર ડૉ. ચંપકભાઈ દ્વારા થયેલ અને હવે તેનું નવસંસ્કરણ હરિઃૐ આશ્રમના ટ્રસ્ટી તેમજ હરિઃૐ ગુંજનના માનદ્ તંત્રી શ્રી રાજેન્દ્ર રાવલ દ્વારા કરવામાં આવ્યું. તેમાં લેવામાં આવેલ વિગત પુસ્તકની કઈ આવૃત્તિમાંથી લીધેલ છે તેમજ જે-તે આવૃત્તિના પેજ નંબર સહિતની વિગતોનો તેમજ ભૂલ સુધારણા અને અમુક જરૂરી ઉમેરણ કરીને તૈયાર કર્યું છે. તે પુસ્તકનું વિમોચન વાડીલાલ આઈસક્રીમના સ્વ. બચુભાઈ (લક્ષ્મણભાઈ)ના સુપુત્રી માનનીય શ્રીમતી હર્ષાબેન વંદનભાઈ ગાંધી તથા આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જીતેન્દ્રભાઈ અમીન, ટ્રસ્ટી શ્રી જોગેશભાઈ પટેલ, દક્ષિણામૂર્તિ ટાઈલ્સવાળા વંદનીય શ્રી નટુભાઈ અખાણીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

ત્યારબાદ યજમાનશ્રી તેમજ તેઓની સંમતિથી આશ્રમમાં આવેલ સ્વજનો દ્વારા આરતી કરીને પૂજ્ય શ્રીમોટાની પાદુકાનું કંકુ અને અક્ષતથી પૂજન કરીને ગુરૂવંદના કરવામાં આવી. મોટાભાગના સ્વજનો કામકાજનો ચાલુ દિવસ હોઈને મહાપ્રસાદ લઈને વિદાય લીધી અને ચાર વાગ્યા સુધી ઘણા બધા સ્વજનો દ્વારા હરિઃૐની ધૂન કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ અને ઉલ્લાસભેર ગુરૂભક્તિમાં પસાર થયો. આશ્રમ દ્વારા યજમાનનો તેમજ સૌ સ્વજનોનો આભાર માનવામાં આવ્યો.

વાડીલાલ આઈસક્રીમ તરફથી આવેલ આઈસક્રીમ સર્વે સ્વજનોને આપવામાં આવ્યો. **'નિરંતર વિકાસ'** પુસ્તકના આવરણ તેમજ પુસ્તકના પ્રિન્ટિંગ તેમજ રવાનગી માટે લાઈટ પબ્લિકેશન્સના રેશમાબહેન તેમજ તેમના સમગ્ર સ્ટાફનો આશ્રમ તરફથી આભાર માનવામાં આવ્યો. હરિઃૐ

**– રાજેન્દ્ર રાવલ**

**ખૂબ ભાવપૂર્વક**
**હૃદયસ્થ રહીને**
**આર્દ્ર ને આર્તભાવથી**
**પ્રાર્થના કરો;**
**ભગવાનને સર્વ સુખદુ:ખ જણાવતા રહો;**
**તેની સાથે આત્મનિવેદન દ્વારા**
**અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો;**
**મનમાં કશુંયે ઘોળાવા ન દો.**
**ખાલી રહો.**

'સાધનામર્મ'ના **આ સૂત્રમાં પ્રાર્થના વિષે કહેવાયું છે. પ્રાર્થના, ક્યાં, કોને, કેવી રીતે કરાય. પ્રાર્થનામાં શું કહેવાય, અને પ્રાર્થનાની કઈ પદ્ધતિથી પ્રભુ સાથે ગાઢ સંબંધ બંધાય; પ્રાર્થનાથી મનની સ્થિતિ કેવી કેળવાય-આ બાબતો સૂચવાઈ છે.**

શ્રીમોટાએ સાધના માટે પ્રાર્થનાને સુલભ સાધન ગણાવ્યું છે. એમ છતાં આપણને એનો યોગ્ય ઉપયોગ કરવાનું સૂઝતું નથી, એવી આપણા જીવનની લાચારીનો નિર્દેશ પણ તેઓશ્રીએ કર્યો છે.

**હૃદયના ઊંડા ભાવપૂર્વક કરાયેલી પ્રાર્થના ક્યારેય સંભળાયા વિના રહેતી નથી. તેમ જ પ્રાર્થનાથી આપણા જીવન માટે યોગ્ય પરિણામ પણ આવ્યા વિના રહેતું નથી.** ઘણાને બુદ્ધિથી એવો પ્રશ્ન જાગે છે કે આપણે હરિને જાણ્યા નથી, જોયા નથી-તો પણ એ આપણી પ્રાર્થના કેવી રીતે સાંભળે ? અને જો આપણે પ્રાર્થના કરી હોય તો એનો જવાબ આપણને મળ્યો છે એ હકીકત કેવી રીતે સમજાય ? ચેતનનું-એટલે કે હરિનું એક સ્પષ્ટ લક્ષણ છે. ચેતન સર્વમાં રહેલું છે અને સર્વ કંઈ ચેતનમાં જ સમાયેલું છે. આપણી આસપાસ આકાશ છે અને આપણી અંદર પણ આકાશ છે. આકાશમાં વાયુ ને તેજ છે. વાયુ ગતિશીલ છે એથી આપણી પ્રાર્થનાનો શબ્દ - જેમાં આકાશતત્ત્વ છે - એ આકાશમાં પ્રસરે છે અને વાયુથી એ ઝીલાય છે. આકાશ અને વાયુ સાથે રહેલું તેજ એ દૃશ્યમાન છે. આમ આપણે સ્વીકારીએ તો હરિ સૂક્ષ્મરૂપે આપણી આસપાસ સર્વત્ર છે. અને આપણા હૃદયમાં ગૂઢ-છૂપો રહેલો છે. આથી આપણા હૃદયથી થયેલી પ્રાર્થના અવશ્ય સંભળાય છે અને યોગ્ય પ્રતિસાદ - જવાબ પણ આપણને મળે છે. આપણને મળતો જવાબ કે મળનારો જવાબ આપણે સમજી શકતા નથી. કેમ કે આપણી સૂક્ષ્મ ઈન્દ્રિયો એ ઉત્તર સાંભળવા જેટલી કેળવાઈ નથી. બીજું, આપણાથી થયેલી પ્રાર્થનાનો ઉત્તર આપણા સુધી આવે એ માટેની આપણી એકાગ્રતા અને ધીરજ નથી. એકાગ્રતા નથી એનો અર્થ એ કે આપણે જેને પ્રાર્થના કરી છે, એના પ્રત્યે પ્રાર્થના પછી પણ આપણું ધ્યાન રહ્યા કરવું જોઈએ એ નથી રહેતું, એથી જે ક્ષણે આપણી પ્રાર્થનાનો ઉત્તર આપણને મળે છે એને આપણે ઉકેલી શકતા નથી.

જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે એવી પૂર્વધારણા રાખીએ છીએ કે પ્રાર્થનામાં આપણું માગેલું જ આપણને મળે તો આપણી પ્રાર્થના ફળી ગણાય. **આવી પૂર્વધારણા તદ્દન અયોગ્ય છે. કેમ કે વ્યવહારમાં પણ આપણે ઈચ્છીએ છીએ, ધારીએ છીએ, માગીએ છીએ એ પ્રમાણે ને એ જ સમયે આપણને ક્યારેય મળતું નથી.** જ્યારે આપણે તો હરિને જે તે બધું કહીએ છીએ એમાં તો આપણા જીવનના કલ્યાણને યોગ્ય હોય એ જ હરિ તરફથી આપણને મળે છે. આપણે પ્રાર્થનારૂપે લખેલા પત્રનો ઉત્તર ઉકેલવા માટે એ

ઉત્તર આપનારના સામર્થ્યને આપણે ઓળખી રાખવું જોઈએ અને એની ભાષા સમજી-ઉકેલી શકાય એવી આપણામાં ભાવના કેળવાયેલી હોવી જોઈએ. **કદાચ ક્યારેક આપણને આપણાથી થયેલી પ્રાર્થનાનો ઉત્તર જ નથી મળતો એવું અનુભવાય ત્યારે આપણે એમ પણ સમજી લેવું જોઈએ કે આપણાથી થયેલી પ્રાર્થના સંભળાઈ છે તથા સ્વીકારાઈ છે એનું મૌન દ્વારા સ્વીકૃતિપત્ર મળ્યું છે.** એ પ્રાર્થના - પત્રનો જવાબ આપવો જરૂરી ન પણ હોય !

આટલી ભૂમિકા સમજ્યા પછી પ્રાર્થનાની પ્રક્રિયા સમજીએ :

શબ્દો દ્વારા પ્રાર્થના મોટેથી જ ગવાય એ સારી રીત છે. કેમકે ગાવાથી ભાવ જાગે છે અને એ ભાવને લીધે આર્દ્રતા-ભીનાશ અનુભવાય છે. પરંતુ મોટેથી ન ગવાય તો આંતરિક રીતે પ્રાર્થના કરાય. **પ્રભુને બધું જ કહ્યા કરવું એ પ્રાર્થનાનો પ્રકાર છે.**

શ્રીમોટા કહે છે કે, **પ્રાર્થના કરતી વખતે આપણે 'હૃદયસ્થ' હોવા જોઈએ. આપણાં વિચારો, વૃત્તિઓને હૃદયમાં સ્થિર કરવા એનું નામ હૃદયસ્થ રહેવું. આપણું હૃદય છાતીની વચ્ચેના ખાડાના ખૂબ ઊંડાણમાં છે. આ સૂક્ષ્મ હૃદય છે. એમાં રહેવાથી આપણાં અંતઃકરણો પ્રભુ પ્રત્યે વળેલાં હોય છે.** આ રીતે હૃદયમાં રહેવાથી આપણે ભાવ અનુભવીએ છીએ. એટલે એ ભાવનો ઉપયોગ પ્રાર્થના માટે કરવો જોઈએ. શ્રીમોટાએ 'ખૂબ ભાવ'થી એવા શબ્દો એટલા માટે લખ્યા છે કે **આપણા હૃદયના એ ભાવનું પ્રમાણ વધે એવી આપણે ધારણા કર્યા કરવાની છે. આવો ભાવ જેમ જેમ વધે એમ એમ વધુ ને વધુ આર્દ્રતાથી-આર્દ્રભાવથી પ્રાર્થના કરાય. પ્રાર્થના માટે 'આર્તભાવ'નું મહત્ત્વ છે. શ્રીમોટા કહે છે કે આર્તભાવથી થતી પ્રાર્થનામાં પ્રભુને પોકાર હોય.** આપણા પુરુષાર્થથી જે સિદ્ધ થતું ન હોય એ માટેની આર્તતા આપણા દિલમાં જ્યારે જાગે ત્યારે એવો ભાવ જાગૃત થાય છે. **આર્તભાવને લીધે પ્રાર્થનાથી આપણાં કરણોનું હરિ સાથે તત્ક્ષણ સંધાન થાય છે, અને આર્દ્રભાવ જાગૃત થતાં હરિનાં પગલાં ઊંડા પડે એવું આપણું હૈયું બને છે.**

પ્રાર્થના માટેની આટલી ભૂમિકા પછી પ્રાર્થનામાં આપણે શું જણાવવું જોઈએ એની વાત શ્રીમોટા કહે છે. જ્યારે આપણને દુઃખ અનુભવાય છે ત્યારે એ દુઃખના નિવારણ માટે આપણે પ્રાર્થના કરીએ છીએ. પ્રાર્થનાનો આ એક નાનકડો અંશ છે. પ્રાર્થના અખંડિત થવી જોઈએ. એ માટે આપણે માત્ર દુઃખ જણાવવા ઉપરાંત આપણને મળતું સુખ પણ જણાવવું જોઈએ. **શ્રીમોટાના કથનનો મર્મ એ છે કે સુખ-દુઃખ એ દ્વંદ્વ છે. આ 'દ્વંદ્વ' એ જ આપણા સર્વ સુખ દુઃખોનું અને સંઘર્ષનું મૂળ છે. આથી દ્વંદ્વોનું નિવેદન કરવાથી દ્વંદ્વોની પકડ ઢીલી પડે છે. પ્રાર્થનામાં દુઃખ સાથે સુખ પણ જણાવાય તો સુખનો 'ઉપભોગ' થવાને બદલે સુખના નિવેદન દ્વારા-સુખ પ્રાપ્તિ થયાની પ્રાર્થના દ્વારા સુખનો 'ઉપયોગ' થયો ગણાય.** આપણને અનુભવાતા સુખનું સંધાન હરિ સાથે થાય એથી સુખમાંથી નીપજેલી શક્તિ આપણું આત્મબળ વધુ દૃઢ કરે. પરિણામે દુઃખના અનુભવ વખતે દુઃખની તીવ્રતા પણ આપણને ઓછી અનુભવાય અને જેટલા પ્રમાણમાં દુઃખની તીવ્રતા અનુભવાય એ પ્રભુને પ્રાર્થનાભાવે કહેવાથી એ ઓછી થાય એ નિશ્ચિત છે. આથી પ્રાર્થના દ્વારા સુખ-દુઃખ બંને જણાવવાની રીતનો જ અભ્યાસ કેળવવો જોઈએ.

**પ્રાર્થનામાં આત્મનિવેદન હોય છે જ. આત્મનિવેદન એટલે પોતાનું કથન-પોતાને જે કંઈ**

**અનુસંધાન પાના નં. ૧૩ પર**

## ૪. ગાંધીજીનું પારમાર્થિક ભાવે જીવન – શ્રીમોટા

આજે ભગવાનની શક્તિનો વિજય છે. આજે દશેરા છે. જગતના માનવીઓના હૃદયની આંખને ગાંધીજીએ દૈવી શક્તિ તરફ કેટલી બધી ખુલ્લી કરી મૂકી છે ! જીવનનો ત્યાગ કરી કરીને, મહાન ભોગ આપી આપીને જ્ઞાનભક્તિપૂર્વક આત્મ-સમર્પણ કરીને, શ્રીભગવાનને ચરણકમળે શરણ રહ્યા કરીને, જગતના માનવીનું હિત ચાહી ચાહીને, પોતાના જીવનને જેણે ફના કરી નાખ્યું છે, તે મહાત્માએ પોતાના ઉપવાસને કારણે જગતનું ચિત્ત પોતાના તરફ ખેંચેલું છે. ૭૪ વર્ષની પાકટ ઉંમરે ૨૧ દિવસ મુદ્દલે ખોરાક લીધા વિના તે જીવી શક્યા, તે ઉપરથી એમના જીવનને પ્રેરણાશક્તિ આપનાર કોઈ સ્થૂળ કારણોને બદલે બીજી કોઈ પરમ ગૂઢ શક્તિ છે એવી પ્રતીતિ જગતના માનવીને થયા વિના નહિ રહી હોય. જે ઉચ્ચ-આત્માઓ છે એ અત્યંત ગતિમાન હોવાથી સ્થિર જેવા છે. એટલે તેમનો લાભ લઈ શકે તેવી સ્થિતિમાં જગતનાં માનવી સાધારણ રીતે નથી હોતાં. આવા ઉચ્ચ-આત્માઓ દુનિયાનાં માનવીના ઉપલા થરને કેટકેટલું ગતિમાન કરીને ઊંચે લાવવા પોતાના જીવનનો યજ્ઞાર્થે ભોગ આપ્યા કરે છે ! માનવી જીવનની નજરે જોઈ શકાય, જાણી શકાય ને સ્થૂળ રીતે સમજણમાં પણ પ્રગટી શકે એવો પ્રત્યક્ષ પદાર્થપાઠ આપીને તામસમાં પડી રહેલા માનવીને પણ હચમચાવવાનો ને જગાડવાનો પ્રયત્ન આ રીતે ગાંધીજી કરે છે. પ્રત્યેક ગુણની ભૂમિકાવાળા જીવને પ્રેરાવા પોતાના જીવનની આહુતિ આપી આપીને સ્વયંપણે સહજસ્ફૂર્તિથી આવા સંતમહાત્માઓ તેવું જીવન પ્રભુપ્રીત્યર્થે જીવ્યા કરે છે. આવા પ્રકારના આધ્યાત્મિક જીવન પરત્વેની પ્રત્યેક માનવીની દૃષ્ટિ, વૃત્તિ ભિન્ન ભિન્ન પ્રવર્તેલી રહ્યાં કરવાની, કારણ કે તેમાં ભૂમિકાભેદ રહેલો છે. એમના સંપર્કને સંબંધમાં આવેલા જીવાત્માઓ જે પ્રકારના હેતુથી તેમની સાથે સંકળાયેલા હોય છે, ને જે રીતે તેમની સાથે જીવવામાં તેમનો હૃદયનો સહકાર પ્રગટેલો છે, તેવા પ્રકારની તેમના જીવનમાં શ્રેષ્ઠતા પ્રગટેલી અનુભવાય છે. બાકી, બાકીના બીજા બધા તો અનેક વર્ષ સાથે રહેતા હોવા છતાં તેવા ને તેવા રહે છે. એવા ઉચ્ચ આત્માની એકએક પ્રવૃત્તિ જીવનમાં એકાદ આશાનું કિરણ પ્રગટાવવાને માટે શું બસ નથી ? પોતાનું સારુંયે જીવન ક્ષણેક્ષણ જે પારમાર્થિક ભાવે જીવે છે, તેને માનવી બિચારો શું સમજી શકવાનો છે ! જે નર્યા સ્વાર્થમાં ને અજ્ઞાનમાં રચ્યોપચ્યો રહેલો છે, પોતાની ગતિથી એક તસુ પણ ઊંચે આવવાની જેને કશી પડી નથી, તેવા જીવ પણ આજે તો તેને તોલવાને કંઈક કંઈક બોલે છે ! જગતની મૂર્ખતાનો પાર નથી. જીવનને આમૂલાગ્ર પરિવર્તન કરાવવાને અનેક રીતે તેના સંપર્કમાં આવેલા જીવાત્માને આવાઓ ઢંઢોળે છે, પરંતુ તે તો એમ ને એમ ટુંટિયું વાળીને પડ્યો રહે છે. ત્યાં એનું બીજું થાય પણ શું ? સમાજને ઊંચે પ્રગટાવવાના હેતુથી અવતાર જેવા મહાત્માઓ અવતર્યા; સંતમહાત્માઓની પરંપરાઓ પ્રગટી; તેમ છતાં સમાજ તો બિચારો તેનો તે છે. એટલે સારોયે સમાજ ઉન્નતિનાં સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી. વ્યક્તિ ચઢી શકવાની છે અને ચઢશે. સમાજ પણ વ્યક્તિ તરફ મીટ માંડતો હોય છે, વ્યક્તિથી સમાજ બનેલો છે. **આમ વ્યક્તિ જેટલું ઊંચે ચઢવામાં મથશે અને વિશેષ ને વિશેષ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રગટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રગટાવશે તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે તે નક્કી જાણજો.**

ઉચ્ચ આત્માની દિવ્ય, ઉચ્ચ દિવ્ય ભાવના અને પ્રેરણાત્મક જીવનની ઝલક મોટા મોટા ગણાતા કે જણાતાઓમાં ન જોવાઈ હોય તો તેથી આપણે નિરાશ થવાનું કશું કારણ ન હોય. ઊલટું તે તો આપણા જીવનનો પલટો પ્રગટાવવાને માટે મોટામાં મોટું કારણ નીપજવું ઘટે. પ્રભુકૃપાથી સમાજને ઊંચે પ્રગટાવવામાં એવા ઉચ્ચ આત્માઓનું ઋણ અનંત પ્રકારનું છે. **પ્રેમભક્તિભાવે તે ઋણ હૃદયથી સ્વીકારી સ્વીકારીને જીવનશક્તિ પ્રગટાવવામાં આ જીવે તો તેનો લાભ લીધો છે.** ભૂતકાળના સંસ્કાર અને સંસ્કૃતિ પરત્વે જેનામાં આદરભક્તિ નથી, પવિત્રતાનો ભાવ જાગ્યો નથી, તેવો જીવ કયા પગથિયા પર ઊભો રહી શકે ? પૂર્વપરંપરાગત પવિત્રતાની પ્રણાલિકાને જે આદરણીય માને છે, એના હૃદયમાં તેવી ભૂમિકા પ્રગટે છે ને તેમાંથી તે શક્તિ સંચારને પામે છે. એવો જીવ જીવનનો વિકાસ એટલે શું તે સમજવાને પ્રાણવાળો બની શકે છે, ને એવો જીવ પોતાની પેઢીઓગત સંસ્કૃતિના વારસો પેઢી દર પેઢી જીવંત રાખવાને જીવનને ન્યોછાવર પણ કરતો રહે છે. તે સમાજની સાચી સેવા છે. અંતે તો એવા જીવાત્માનું સમગ્ર જીવન પળેપળ સેવાભક્તિરૂપ બની જતું હોય છે. પોતે સેવા કરે છે એવો ખ્યાલ પણ એનામાંથી અદશ્ય થઈ જતો હોય છે, જેને ભલે આપણે વિશિષ્ટ ગુણશક્તિ પણ કહી શકીએ. તેના ચીલે ચીલે તે ચાલે તો એનો વિકાસ થઈ શકે છે. દરેક સમાજને એવી સ્વતંત્ર સંસ્કૃતિ હોય છે જ.

જેમ સમાજને તેમ વ્યક્તિને-અનેક પ્રકારની પ્રકૃતિવાળા માનવી સાથે કામ પડેલું છે. **કોઈ જીવની પ્રકૃતિ વક્રતાવાળી હોય, બાલિશતાભરી હોય તો તેમની પરત્વે કરુણા, ક્ષમા, સહાનુભૂતિ, સહનશીલતા, ધીરજ, સદ્‌ભાવ વગેરે ગુણો આપણે કેળવવાનું રાખીશું તો તેમાં લાભ તો આપણને પોતાને જ થવાનો છે તે નક્કી જાણજો.** ઊંચા પ્રકારના ગુણના વિકાસમાંથી જીવન વિકાસ પ્રગટતો હોય છે. આધ્યાત્મિક જીવનનો તે સાચો પાયો છે. **સાધકનું જીવન જેણે ગાળવું છે એવાએ તો જ્યાં ત્યાં બધે, બધાની સાથે સુમેળની ભાવના જ્ઞાનપૂર્વક કેળવ્યા કરવાની છે અને બધાં સાથે હૃદયનો પૂરેપૂરો સદ્‌ભાવ રાખ્યા કરવાનો છે.** એવું બની શકે તો સર્વ તરફથી એને નિરાંત, શાંતિ, સરળતા ને પ્રસન્નતા મળી રહે છે, બાકી નહિ. **આમ જે સાધક પોતાના જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને હૃદયની પ્રામાણિકતાથી, માર્દવતાથી બધા સાથેનું વર્તન ઉપર પ્રમાણેનું આચર્યા કરશે તો તેવા વર્તનથી તેના જીવનનું પરિવર્તન થતું જરૂર પોતે અનુભવી શકવાનો છે.**

*('વસંતે બહાર' – પ્ર. આ. પૃ, ૧૨૮-૧૩૧)*

## દાન વખતે મનની ભાવના

**કોઈને પણ કંઈ દાન કે એવું કશું આપવાનું બને ત્યારે ભગવાને આપ્યું છે અને એને જ આપું છું-અપાય છે-એમ ભાવના રાખશો. એ અંગે કે બીજા કશા અંગે કોઈને મુખેથી તમારા વખાણ તમારે સાંભળવા નહીં, સંભળાય તો એ પરત્વે બેપરવા રહેવું ને ભગવાનને ચરણે ધરવું.**

**દાનવૃત્તિ કરુણાવૃત્તિમાંથી નીપજે છે. કરુણાવૃત્તિનો પણ આપણે આપણામાં ને આપણા માટે ઉપયોગ કરવાનો છે. દાનમાંથી જે ભાવ જન્મવો જોઈએ એ ભાવ તે આપણું પરમ બળ છે. એવી રીતે જો વૃત્તિનો ઉપયોગ કરી શકે તો તો આખી મિલકત પણ ભગવાનને ચરણે આપી દેશો તો આનંદની વાત છે.**

*('જીવન પગરણ' ચોથી આવૃત્તિ, પૃ. - ૪૩)*

## ૫. પ્રેમશક્તિ — શ્રીમોટા

આ કાગળ મળશે તે દિવસે આપણું નવું વર્ષ શરૂ થશે. એ શુભ દિન નિમિત્તે તમારાં બધાંનું પુણ્ય પ્રેમસ્મરણ કરું છું. ભગવાનની કૃપાથી અને વહાલાંઓના પ્રેમભર્યાં આશીર્વાદથી શ્રીભગવાન સત્ય પંથે ઉત્તરોત્તર દૃઢ કરાવે એ જ માગું છું. વહાલાંઓનો પ્રેમ એ મારે મન એક ભારે શક્તિ છે, તેથી જ નીચેની લીટીઓ જે સૂઝી છે તે લખું છું :

**પ્રભુની વ્હાલાંઓ પ્રતિ પળ જગે પ્રેમની દિવ્ય મૂર્તિ,**
**પ્રભુની વ્હાલાંઓ પળ પળ હૃદે ભાવની ઊર્મિશક્તિ;**
**પ્રભુની વ્હાલાંઓ હૃદય જગવે પ્રેરણાઓ અનેરી,**
**પ્રભુની વ્હાલાંઓ અમ ઉપર રહો આત્મની દિવ્ય જ્યોતિ.**

એટલે હંમેશાં જેને મારાં સ્વજનો માન્યાં છે, તેને નિકટવર્તી થઈને રહેવાનો પ્રમાણિક પ્રયાસ કર્યો છે. બની છે તેટલી પ્રેમભાવનાની ઊર્મિ તેમના તરફ મેં રાખ્યાં કરી છે, અથવા ભગવાને કૃપા કરીને રખાવી છે, એમ લખું અથવા કહું તો તે જ વધુ યોગ્ય ગણાશે.

### ગરીબની મૂડી

પણ એથી કરીને મારે તો કશું ખોવાપણું થયું જ નથી. ઉત્તરોત્તર ભગવાને તેથી વિકાસ જ કરાવ્યો છે. મારે તો જે કંઈ આપવાપણું હતું તે આપતો રહ્યો છું. ગરીબની પાસે પ્રેમ-વહાલ-વિના બીજું હોઈ પણ શું શકે ? ગરીબની તો એ મોટામાં મોટી અણમોલ, મૂડી છે. એ મૂડી પર તો એનું જીવન નિર્ભર રહ્યા કરે છે.

### આશિષ આપો

**પ્રેમની એ અમોઘ દિવ્ય શક્તિનું માપ જ્યારે એના હૃદયમાં જાગે છે, ત્યારે એ પ્રેમ જ એની એક મોટી શક્તિ થઈ પડે છે.** એ શક્તિની આગળ બીજી બધી શક્તિઓ કંઈ ખપતી નથી, એવો એને જીવનમાં સ્પષ્ટ અનુભવ થાય છે. આ શુભ દિવસને ટાંકણે મારા હૃદયનો એવો પ્રેમ તમારાં બધાં ચરણમાં માથું મૂકીને તમારા આશીર્વાદ માગે છે. **પ્રભુ મને જ્યાં રાખે ત્યાં (જ્યાં હોઉં ત્યાં) તમારા હૃદયનો નિર્મળ પ્રેમનો પ્રવાહ મારા પ્રત્યે સદાય વહ્યા કરે એવી હૃદયથી માગણી કરું છું.**

### આપણો મિલન પ્રેમ

પોતાનાં છોકરાં પરત્વેનો પ્રેમ, એ શુદ્ધ નિઃસ્વાર્થ ભાવનાનો ન હોવાથી તેમાં જોઈતાં પૂરતાં જોશ અને પ્રાણ યોગ્ય પ્રકારનાં હોતાં નથી. મારી નજરે તેવો પ્રેમ સતેજ નથી, જીવતો નથી, બલકે કમજોર છે, એવું મને નમ્રપણે જણાયું છે. આપણાં બધાંના પોતાનાં છોકરાંઓ ઉપરના પ્રેમમાં sense of possessionની વૃત્તિ (જીવ-સ્વભાવની તેમના પરત્વે મમતાની રાગાત્મક લાગણી) તથા બીજી લાલસાની વૃત્તિઓ સેળભેળ ભરેલી રહે છે.

### શુદ્ધ પ્રેમ પાંગરે છે ત્યારે –

એટલે જે પ્રેમ માગી રહ્યો છું, તે પ્રેમ અને છોકરાંઓ ઉપર આપણાથી રહેતા પ્રેમમાં આસમાન-જમીનનો ફરક છે. મારે અંગે તમારામાં તેવું ન હોય તે હું સમજી શકું છું. એટલે તમારા **હૃદયનો નિર્ભેળ, ઉત્કટ ભાવનાવાળો ધગધગતો પ્રેમ મારે તો જોઈએ છે. સ્વજનોના શુદ્ધ હૃદયના એવા પ્રેમની મને ભૂખ લાગેલી છે. એવા પરમ માંગલ્યકારી પ્રેમભાવનો વરસાદ જ્યારે આપણા પર વરસે છે, ત્યારે જીવનમાંના સર્વ સંકોચો દૂર થઈ જઈને હૃદય ઉદાત્ત ભાવનાથી પ્રફુલ્લિત બને છે.** આખાયે 'આધાર' (Being)ની અંદર રહેલી ચેતનાશક્તિમાં ઉષાની પેઠે નવા પ્રાણની સ્ફુર્તિ જાગે છે, ને જગત ત્યારે આપણી સામે જગત તરીકે ઊભું રહેતું નથી. પણ પ્રેમભાવના રસબસથી તરબોળ થયેલું હોય તેવું ને તેની સાથે એકતા સાધતા હોઈએ તેવું દર્શન

આપણને પ્રાપ્ત થાય છે. **એમ હૃદયથી અનુભવ થતાં થતાં પ્રેમ એ જ પરમેશ્વર છે, એવી સહજ ઝાંખીની ઊંડી ઊંડી હૃદયમાં અસર થતી હોય, એમ અનુભવાય છે.**

## ભગવાનની જ લીલા

પ્રેમનો આવો દિવ્ય મહિમા કેટલો ગાઈએ, કેટલો ગાઈ શકીએ ! જો જોવા બેસીએ તો **જગતમાં આપણે જે સંકળાયેલા દેખાઈએ છીએ તે-જો પ્રેમની ભાવના વડે સંકળાયેલા રહીએ તો-જગત ડહોળાયેલું દેખાય છે તેવું, એ જગત આપણી સમક્ષ નહિ રહે; પણ ભગવાને આપણને લીલા કરવા માટે આપેલું એક સુંદર ઉપવનનું રમ્ય સ્થળ છે એવું જ લાગ્યા કરે.**

## પછી તો પ્રેમનો ધોધ

પ્રેમભાવ અનુભવતાં અનુભવતાં આપણામાં જે શક્તિ જાગ્રત થાય છે, તે જીવનના સાંકડા વહેણને ક્યાંય ઉછાળી નાખીને એને પ્રચંડ પ્રવાહનો વહેતો ધોધ બનાવી દે છે. અને એ જ્યાં જ્યાં જાય છે કે હોય છે, ત્યાં ત્યાંથી પ્રત્યેકમાંથી, એ પ્રેમભાવનું તત્ત્વ લોઢાને જેમ લોહચુંબક ખેંચે છે, તેમ પોતે ખેંચ્યા કરતું હોય છે. એવા પ્રેમભાવની અસર જો આપણાં દિલ તેની સાથે શુદ્ધ ભાવથી પ્રેરાયેલાં, તેની સાથે આપણા હૃદયના તાર પ્રેમભાવથી સંધાયેલા રહેતા હોય, અથવા તો એવા પ્રેમ પ્રત્યેનો આપણો ભાવ સહજપણે જાગ્રત થયેલો હોય, તો આપણને પણ તેની અસર અનુભવાયા વિના રહેતી નથી. **એવી રીતે પ્રેમ આપણને ધન્ય કરે છે અને બીજાંનાં જીવનને પણ ધન્ય કરે છે.**

## એવા પ્રેમની ગતિ-શક્તિ

એવા પ્રેમની શક્તિ તો એક ભારે મહાન ગતિ છે. એવી ગતિ આપણાં હૃદયને હલમલાવી નાખે છે. **એ ગતિની ભાવનાને લીધે જ આપણે તેની વધુ ને વધુ નિકટ આવતા જઈએ છીએ. એ પ્રેમની ગતિભાવના આપણને આપણા દોષો તરફ જ, ને તે દોષોને ટાળવા કાજે જ, એકલક્ષી બનાવે છે.** એ ગતિ આપણને જે જે જીવો સાથેનો સંપર્ક છે, તેમના તેમના પરત્વેનાં આપણા જીવસ્વભાવનાં વલણને તે પ્રેમભાવ ફેરવાવી શકે છે; તથા તે તે જીવો પરત્વે તેમના તેમના જીવ સ્વભાવનાં વલણને જોવાનું ન કરતાં, મહત્ત્વ તેને ન આપતાં, તેમના જીવનની ઊર્ધ્વગતિ કેમ થાય એવી રીતે વર્તવાની કળા પણ તે જાગેલો પ્રેમભાવ આપણને શીખવતો હોય છે. જીવનઆદર્શના એક પછી એક ઉચ્ચોચ્ચ શિખરોની હારમાળાને વટાવવાને જીવનમાં તે પ્રેમભાવ ધગધગતી ધગશ પ્રકટાવે છે. **'કેમ કરીને જાણે ઊડીને આદર્શની ઉચ્ચમાં ઉચ્ચ ને છેવટની ટોચે પહોંચી જાઉં !' એવી પ્રેરણાત્મક તમન્ના એ પ્રેમભાવ આપણા દિલમાં પ્રચંડ જ્વાળારૂપે પ્રકટાવે છે. એવો પ્રેમભાવ એ તો જીવનની તપશ્ચર્યા છે. જીવનની સાધના પણ છે,** અરે ! એના વડે જ સાધના થતી હોય છે. **એવો પ્રેમભાવ આપણા જીવનનો ઉલ્લાસ છે, જીવનનો આવિર્ભાવ છે, જીવનનો આનંદ છે, જીવનની રંગભૂમિ છે, ને જીવનનો રસ પણ તે જ છે.**

## પ્રેમ એટલે સમગ્રતાનાં દર્શન

**જગતમાં પ્રેમ ન હોત તો જગતમાં રહેવા જેવું પણ લાગત નહિ. જીવનનું આકર્ષણ એ પ્રેમ જ છે. જો પ્રેમભાવ ન હોત તો કોઈથી જીવી શકાત જ નહિ; જીવનમાં એ પ્રેમભાવની ઉત્કટ માત્રા નથી, તો એવું જીવન સાચું જીવન પણ નથી.** આવા પ્રેમભાવની મર્યાદાનો સહૃદયતાથી વધુ ને વધુ વિસ્તાર કર્યા કરીએ ને એની મર્યાદા ન આંકીએ તો કેવું સારું ! **સત્કર્મનો બદલો સત્કર્મ આપી જ ચૂકે છે. સત્કર્મની ભાવનામાં અપેક્ષાને સ્થાન જ નથી.** તેવી રીતે આપણા હૃદયનો જ જેવો પ્રેમભાવ તેવું જ આપણું જીવન ફળતું રહે છે. **પ્રેમભાવનાનાં**

**જોશ ને વેગ આપણામાં જે ગતિ પ્રેરે છે, તે ગતિમાં આપણને ક્યાંયે લઈ જવાની શક્તિ છે.** આપણને જો એનો ઉપયોગ કરતાં આવડે, ભગવાન કૃપા કરીને એવી ઊંડી સમજ અને અંતરને અનુભવવાની સૂઝ આપે, તો આપણા પ્રત્યેક કર્મમાં, એ પ્રેમના સાધનથી, તે કર્મના સમગ્રપણાનાં દર્શન આપણને થાય જ.

## પત્રનો હેતુ

**એવા પ્રેમભાવના તારથી મારાં સકળ સ્વજનોની સાથે પોતાને સંકળાયેલો અનુભવું છું.** એ પ્રેમભાવ મારાં વહાલાં સ્વજનો તરફથી હૃદયની નિર્મળતાથી વધારે ને વધારે મળતો રહે, તો જીવનની આપલે થઈ શકે એ હેતુથી આ શુભ દિવસે પ્રત્યેક સ્વજનને આ કાગળ પાઠવું છું.

*(જીવન પ્રવાહ, પૃ. ૩૧-૩૫)*

અનુસંધાન પાના નં. ૧૫ પરથી

**પ્રવૃત્ત થવામાં કે ન થવામાં હું સંપૂર્ણ સ્વતંત્ર છું અને મારી સ્વતંત્ર વિચારશક્તિ, પ્રાણશક્તિ, બુદ્ધિશક્તિ ને ચિત્શક્તિ જ બધાં કર્મનું નિયમન કરે છે,'** એમ ધાર્યા કરે છે ને સમજ્યા કરે છે. **જીવ** સંપૂર્ણ જ્ઞાનની કક્ષામાં આવ્યા પછી તેવી સમજ યોગ્ય ગણાય; પણ **જીવ** બિચારો અજ્ઞાનની કોટિમાં પણ તેવું જ માન્યા કરે છે, એવી એની વિચિત્રતા છે. **જીવમાં બુદ્ધિ હોવા છતાં જો તે પોતે સર્વશક્તિમાન છે, તો તેને કશામાં મંથન કરવાપણું રહેતું નથી ને સર્વ વ્યવહારમાં તેવું બનતું હોતું નથી; તેમ છતાં પણ તેવું માનવાની ભ્રમણામાં આવો અલ્પ જ્ઞાની જીવ પડ્યો રહે છે. ઊંઘતો બોલે, કિંતુ જાગતો હોય તે છતાં ઊંઘવાનું કરીને પડી રહ્યો હોય તે ન બોલે, એવી એક કહેવત છે; એટલે એવા પ્રકારના જીવનો ઉદ્ધાર થવો કદી શક્ય નથી.**

*(જીવન સંગ્રામ, પાંચમી, પૃ. ૪૧-૪૫)*

અનુસંધાન પાના નં. ૮ પરથી

**કહેવાનું છે એ હકીકત વિગતવાર જણાવવી.** પ્રભુ હૃદયસ્થ છે છતાં દૃષ્ટિ સમક્ષ એવી ધારણા કરવાથી પ્રગટી રહે છે. આપણે આપણા દિલની હકીકત આપણા આત્મીયજનને જ કહીએ છીએ. એ કહ્યા પછી આપણે હળવાશ અનુભવીએ છીએ. **આપણને આવી હળવાશ અને નિશ્ચિંતતાનો અનુભવ થાય છે એટલે આપણો પ્રભુ સાથેનો સંબંધ છે એની આપણને પ્રતીતિ થાય છે. આ પ્રમાણે વારંવાર બને એટલે હરિ સાથેનો સંબંધ ગાઢ બને છે. આવા ગાઢ સંબંધને લીધે આપણને 'કોઈક'ની ઓથ-હૂંફ છે અને આપણા માથે રક્ષા છે એવી શ્રદ્ધા દૃઢ બને છે.**

**પ્રાર્થના કરી રહ્યા પછી આપણા મનમાં કોઈપણ પ્રકારના વિચારો કે સંકલ્પ-વિકલ્પો ઘોળાયા કરે તો આપણાથી યોગ્ય ભાવથી પ્રાર્થના થઈ નથી એમ સાબિત થાય.** એટલે જે કંઈ વિચારો કે સંકલ્પ - વિકલ્પો જાગે તો એને જરાય મહત્ત્વ ન આપવાનો જાગ્રત અભ્યાસ કેળવવો જ જોઈએ. આપણે એમ માનીએ છીએ કે આપણે પ્રાર્થના કરીએ એટલે પ્રાર્થનામાં જણાવ્યા મુજબનું - કે માગ્યા મુજબનું આપોઆપ જ બનીને રહે. આ માન્યતા ભૂલભરેલી છે. પ્રાર્થનામાં જણાવ્યા મુજબ આપણે આચરણ તો કરવું જ જોઈએ. તો જ આપણને પ્રાર્થનાની શક્તિના અનુભવનું પ્રમાણ મળે. એટલે મનમાં કશું જ ઘોળાય નહિ એ માટે સાવધાન રહેવાનું છે.

આવી સાવધાનીથી આપણું મન હળવું રહ્યા કરશે. પ્રાર્થના કે નિવેદનથી આપણે બધું જ જણાવીને મનહૃદયમાં ખાલી થવાનું છે. પછી આવો ખાલીપો હરિસ્મરણથી કે પ્રભુભાવથી ભરાતો જાય છે.

આવી પ્રાર્થનાની શક્તિ છે.

હરિઃૐ

*(સમજની બારી, પૃ. ૫૨ થી ૫૬)*

## ૬. જીવનના અંતર્યામી સારથિ – શ્રીમોટા

માનવીના જીવનમાં જન્મથી તે તેના દેહના મૃત્યુપર્યંત વિધ વિધ પ્રકારની અસંખ્ય પરિસ્થિતિ આવે છે અને જાય છે. માનવી-**જીવ**ના સકળ સંસારના જે જન્મદાતા, નિર્માતા અને નિયંતા છે, તે જ એક રીતે તો સર્વ કોઈને યુદ્ધના ક્ષેત્રમાં પ્રેર્યા કે યોજ્યા કરતા હોય છે; એવું કોઈ માને તો પહેલાં તે વિધાનનું સત્ય માનવી-**જીવ**ની કઈ ભૂમિકા પરથી જાગેલું છે, તેનો વિચાર કરવો જરૂરનો છે. માનવીના **જીવ** સ્વભાવનાં વલણો, વિચિત્ર પ્રકારની વૃત્તિઓ અને તેનાથી ઊપજતાં વિચિત્ર પ્રકારના આંદોલનો, તેના મનની જુદી જુદી જાતની રુચિ અને તેની સામેની જુદી જુદી અરુચિ, મનની વિચિત્ર પ્રકારની પ્રવૃત્તિઓ અને તેના હેતુઓ, માનવીના મનમાં એવી પ્રકૃતિ દ્વારા ગડમથલ જન્માવે છે. તે પોતે તો તદ્દન સૂક્ષ્મ, અલિપ્ત રહીને, **જીવ**નાં તેનાં વિચિત્ર કર્મનાં પરિણામો ઉપર અંકુશ પણ રાખે છે. (જો તેમ ના હોત તો માનવીના મનમાં કશાની વૃત્તિ ઉત્પન્ન થતાં તેના જીવનનો સર્વનાશ થઈ જાત, ત્યાં સુધી તે તેમાં પ્રવૃત્ત રહ્યાં કરત અથવા તો ઊર્ધ્વમુખી ભાવના જાગતાં તેમાં જ તે એની ટોચ સુધી પહોંચ્યા કરવામાં જ એકધારું રહ્યા કરી ત્યાં જઈને સમાઈ જાત.) જે બધીયે કર્મપ્રવૃત્તિઓ અને ભોગપ્રવૃત્તિના પ્રેરક તથા નિયંતાના રૂપમાં દરેક **જીવ**ની અંદર હોવા છતાં પણ પોતાનું અસ્તિત્વ છુપું રાખે છે, તેને માનવી-**જીવ** અજ્ઞાને કરીને પોતાના **જીવનના સારથિ** તરીકે સ્વીકારી શકતો નથી. સમસ્ત વિશ્વની રણભૂમિનો તે જ એકમાત્ર અદ્વિતીય અને અવર્ણનીય તેમ જ **સૂક્ષ્મપણે સર્વ ચરાચરના અંતરમાં અંતર્યામી સારથિરૂપે વિરાજેલો એવો જે નિર્માતા ને નિયંતા છે, તે જીવનમાં સાથે ને સાથે હોવા છતાં કોઈને પણ એના પ્રત્યેનું સાચું પૂરેપૂરું પ્રત્યક્ષ જ્ઞાન-ભાન પ્રગટતું નથી. તે જ આપણા જીવનને દોરવે છે. તે જ આપણો સાચો સાથી છે અને તે જ જીવનસારથિ પણ છે;** પરંતુ આપણે તેને ઓળખીને તે ભાવે તેનો સ્વીકાર કરી શકતા નથી.

આવો જે આપણા જીવનને દોરનારો સારથિ માનવીથી પારખી શકાતો કેમ નથી ? અર્જુનને પણ તેવો જ પ્રશ્ન નજર સામે આવે છે. અત્યાર સુધી અનેક યુદ્ધો પોતાના જ બળે, પોતાના જ યુદ્ધકૌશલ્યથી જીત્યાં છે અને પોતે જ સર્વનો કર્તાહર્તા છે, એવું તેનું અભિમાન શ્રીકૃષ્ણ ભગવાન પાસે હોવા છતાં તેમને યોગ્ય રીતે ન ઓળખી શકવામાં આવરણરૂપ બને છે. **માનવીમાત્ર પોતાના જીવને પોતે જ ચલાવી રહ્યો છે. પોતે જ તેનો સર્જક છે અને પોતે જ પોતાનો ભોક્તા છે એમ માને છે ને પોતાના વિના બીજા કોઈનું એને ભાન જાગી શકતું નથી.** એટલે જ આ વિશ્વની રંગભૂમિકાનો અંતર્યામી નટખટ ખેલાડી તેને તેના સાચા સ્વરૂપમાં અનુભવજ્ઞાનમાં કદાપિ પણ આવી શકતો નથી; કારણ કે કર્મમાત્રમાં તે પોતાની **જીવ** પ્રકૃતિ કે સ્વભાવના પ્રેરણાબળથી જ દોરાયા કરવામાં મસ્ત હોય છે; **પરંતુ તે પ્રકૃતિ કે સ્વભાવને સતત પ્રેરનારી જ અકલ્પ્ય, ગૂઢ, સૂક્ષ્મ ને દિવ્ય ચેતનાશક્તિ છે. જેના ચલણ વિના કોઈ પણ કર્મ થવાં શક્ય જ નથી. તે ચેતનાશક્તિનું, કર્મ કરતી વેળા જીવને કદી પણ ભાન જાગતું નથી.** એ જ કારણે શ્રીકૃષ્ણ ભગવાન તેના જીવનમાં પ્રેરકરૂપે કે પરમ ચૈતન્યરૂપે કદી પણ અનુભવમાં આવી શકતા નથી. **વળી ભગવાનનું એવું સ્વરૂપ ને એવું કાર્ય સમજાયા છતાં માનવીનું મૂર્ખ, પાજી, અજ્ઞાની મન, તેનો તેવા ભાવમાં પૂરી રીતે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર કરી શકતું નથી.** તેને

માત્ર એક મદદ કરનાર અથવા બહુ બહુ તો તેને પોતાની કામનાઓને સંતોષનાર માત્ર સમજે છે. તો વળી કોઈક એને કર્મનું પરિણામ આપનારો ને કોઈક એને ઉદાસીન માને છે. કોઈક **જીવ** તો વળી એને સર્વ સંબંધથી રહિત એવાં નિષ્ક્રિય પણ ગણે છે અને શ્રીભગવાન વિશેની જુદા જુદા **જીવ**ની જુદી જુદી માન્યતાઓમાં પૂરતું યોગ્ય સજીવપણું પણ જુદા જુદા **જીવો**માં જુદા જુદા પ્રકારનું રહ્યાં કરે છે. **માનવીનું અભિમાન પણ જુદી જુદી ભૂમિકામાં ચડતાં ઊતરતાં, સ્થૂળમાં સ્થૂળ, સૂક્ષ્મ ભૂમિકામાં સૂક્ષ્મ, એમ જુદા જુદા આકાર ધરતું હોય છે. જીવ પોતાના એવા અભિમાનને જીવનની કોઈ પણ કક્ષામાં વેગળું કરીને જ્ઞાનભક્તિપૂર્વક વર્તતો ન હોવાથી, શ્રીભગવાનને-તેના જીવનના સર્જક, ચાલક, નિયંતા ને અંતર્યામીના સ્વરૂપમાં અનુભવી શકતો નથી.** પરંતુ માનવીનું અભિમાન પણ એના જીવનકાળમાં ઘણીયે વેળા ભાંગીને ભૂકો થઈ જાય છે, તેના ચૂરેચૂરા બની જાય છે; **એવી વેળા જેના જીવનમાં સાંપડે છે, તે તેના જીવનની, પોતાના જીવનના નિયોજક, સંચાલકને ઓળખવાની એક અમૂલ્ય દૈવી પળ છે એમ સમજવું.** માનવીની બુદ્ધિ અને માનવીની શક્તિ ત્યારે કંઈ જ કામ કરી શકતી નથી અને પ્રવૃત્તિમાત્ર સંકોચ પામે છે. **પોતાપણાનું અભિમાન અને પોતા ઉપરનો વિશ્વાસ અને પોતા પરનો સર્વ કાબૂ માનવી ખોઈ બેસે છે, તેવી વેળાએ માત્ર શ્રીભગવાનનાં દર્શનની ઝંખનાની શક્યતા એનામાં જાગે છે. તેના જીવનની એવી પળે જો તે યોગ્ય રીતે વિચારે અને પ્રસન્ન હૃદયે શ્રીભગવાનને પ્રાર્થે તો શ્રીભગવાન કૃપા કરીને પ્રગટ થાય છે અને સમગ્ર વિશ્વની તેમ જ વ્યષ્ટિના જીવનની સમસ્યાનો ઉકેલ તેને કૃપા કરી બતાવે છે.** આ સકળ વિશ્વમાં પળેપળ અણુએ અણુમાં ચાલી રહેલાં યુદ્ધનું રહસ્ય, મહત્ત્વ અને એનો હેતુ એ સકળ જીવનના વિકાસ અર્થે છે, તેનું જ્ઞાન શ્રીભગવાન તેનામાં પ્રેરે છે અને એમ કરીને જીવનના પરમ કલ્યાણનો માર્ગ તેને બતાવે છે. **માનવીના જીવનમાં વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થયા વિના તે કદી પણ ઊંડું વિચારી શકતો નથી. શ્રીભગવાન પરમ કૃપા કરીને તેને એવી વિષમ પરિસ્થિતિમાં મૂકે છે, કે જેથી તે પોતાને વિશે યોગ્ય વિચાર કરવાને પ્રેરાય.** ઐહિક અને પારલૌકિક કર્મનું આચરણ કરતાં કરતાં શ્રીભગવાનની દૈવી માયાથી મોહ પામીને, અભિમાનથી પ્રેરાઈને માનવી પોતાની વિદ્યાને, બુદ્ધિશક્તિને, પોતાના જીવનમાર્ગમાં પ્રવૃત્ત કરી રહ્યો છે અને તેના બાહ્ય અને અંતઃસ્વરૂપના જીવનમાં કુરુક્ષેત્ર જ્યારે પ્રગટે છે, તે વેળા બંને બાજુએ એનાં પોતાનાં જ સ્વજનોને ઊભાં રહેલાં તે પોતે જુએ છે. આમ નકારાત્મક વલણવાળાં, **જીવ સ્વરૂપવાળાં સ્વજનોનો પરાજય કરીને, તેમનો લય કરીને, તેમના સ્વભાવના ધર્મમાંથી મુક્તિ પ્રાપ્ત કરાવીને યુદ્ધમાં વિજય મેળવવાનું તે કરે છે; પરંતુ પોતાના જીવનના એવા સ્વધર્મના આચરણમાં જે ભયંકર ઘોર અધર્મ થતો પોતે જુએ છે અને જેમાં મનુષ્યત્વહીનતા પણ સમાયેલી જ છે તેનો નાશ કરવાનું નિમિત્ત તેને થવું પડે છે. તેમ કર્યા વિના પ્રભુમય જીવનને તે પામી શકતો નથી; અત્યાર સુધી જેને પોતાના માન્યા છે, જેના વડે જીવનને પોષણ મળ્યું છે, જીવનનું શિક્ષણ મળ્યું છે અને જીવનને ચલાવ્યા કર્યું છે, તેમને હરાવીને, તેમને વટાવીને જવાનું આવતાં માનવીનું મન ત્રાહિત્રાહિ પોકારી ઊઠે છે. એની બુદ્ધિ ત્યારે કિંકર્તવ્યમૂઢ થઈને શ્રીકૃષ્ણ ભગવાનનું સારથિ તરીકેનું શરણું લે છે.** શ્રીભગવાનની ચૈતન્ય શક્તિ સર્વ કોઈ **જીવ**ના અંતરમાં વસેલી છે અને માનવી એનો જ પ્રેરાયો સર્વ ક્ષેત્રમાં પ્રેરાય છે; કિંતુ મનુષ્યમાં તો **'હું જ બધાં કર્મોનો કર્તા છું, કશામાં**

**અનુસંધાન પાના નં. ૧૩ પર**

## ૭. જીવનનો વાસ્તવિક ધર્મ : વિસ્તારપણું — શ્રીમોટા

જીવનનો ધર્મ સાંપ્રદાયિકતાનો નથી. એનો વાસ્તવિક ધર્મ તો વિસ્તારપણાનો છે. જીવનની સાધનાનો મર્મ અને અર્થ એ માત્ર ભાષાના શબ્દભંડોળથી નથી મળી શકવાનો, એ તો તેવા પ્રકારનું જીવન જીવવાથી જ મળી શકશે. ભાષા તો જીવનને આકાર પમાડવાને લૂલામાં લૂલૂં સાધન છે. **જીવનને આકાર પમાડનારું સાચું સાધન તો ભક્તિપ્રેમયોગપૂર્વકની તપશ્ચર્યા છે. શબ્દમાં અને શબ્દલાલિત્યમાં ને લાગણીમાં રાચનારો જીવ જીવનવિકાસને સાચી રીતે સાધી શકવાનો નથી. શબ્દના મૂળ અર્થમાં તો તે ચેતનવાચક છે, પરંતુ આપણે બધાં જીવ કક્ષાનાં હોઈ આપણા બોલેલા શબ્દમાં ચેતનના અનુભવનો ટંકાર નથી, પછી રણકાર તો ક્યાંથી જ હોય ?** એટલે ખાલી આશ્વાસન આપવામાં આ **જીવ** કદી માનતો નથી; પ્રહાર કરવામાં તે જરૂર માને છે. **જીવનના આદર્શની જે જીવને તમન્ના લાગેલી છે, તે તો તેવા પ્રકારના પ્રહારમાં પોતાને જાગવા માટેનો રણકાર છે, એમ સમજી લે છે. પ્રહાર એ તો ઘડવા માટેનો હથોડાનો ઘા છે.** કોઈ જાણી જોઈને પ્રહાર કરતું હોતું નથી. **સંસારવ્યવહારમાં પણ કોઈ પ્રહાર કરે છે, તો તે પ્રહારના પ્રેરકપણામાં કોઈ લાગણીનો આઘાત પ્રત્યાઘાત હોય છે.** તો અજ્ઞાનમાં તેવા પ્રહારની પાછળ કોઈ હેતુ હોવો ઘટે. **પણ હેતુના જ્ઞાનને કયો જીવ** જગાડે છે ?

**જીવનમાં ઊર્મિ પ્રગટાવવી ને તેને જીવતી રાખવી ને તેને વધારે ચેતનવંતી બનાવવી, તે કોઈ મહાન વિરલ વીર આત્માનું કર્મ છે; માટે મરદ બનવાનું બિરુદ રાખવું, હોય તો સંગ અને સંઘ કામનાં છે; બાકી તો તે બંનેને વેગળેથી 'રામ રામ' કરવા તે જ યોગ્ય છે.**

**પ્રત્યક્ષ જીવનસાધનાનો માર્ગ એ દિવ્ય જીવનનો આધ્યાત્મિક માર્ગ છે.**

**મળેલ પરિસ્થિતિ અને મળેલો ધર્મ એ જીવનવિકાસ કાજેની યોગ્ય ભૂમિકા છે. મળેલા ધર્મને છોડીને જે બીજે ધર્મ શોધે છે. તે બધાં મિથ્યા ફાંફાં છે.** શાસ્ત્રોમાં વર્ણવાયેલો સન્યાસીનો ધર્મ ને હમણાં સંસારમાં આચરાતો સન્યસ્ત ધર્મ એ બંનેના પ્રકારમાં આસમાન-જમીનનો ફરક છે. **ગીતાનો સન્યાસ તે વૃત્તિનો સન્યાસ છે. ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ ને મળેલા ધર્મથી ભાગવાની ના પાડે છે; તેને તે કાયરતા ગણે છે. જે કંટાળીને, ત્રાસીને ભાગે તે ધર્મના હૃદયને પામી શકતો નથી.**

આ **જીવ**ને અનેક પ્રકારની પારાવાર લાચારીમાં જીવન જીવવાનું બનેલું છે, પરંતુ તેમાંથી તેણે જીવનવિકાસ કાજેનો લાભ મેળવ્યો છે. **પ્રત્યેક પરિસ્થિતિ, પ્રત્યેક સંજોગ, પ્રત્યેક પ્રસંગ, પ્રત્યેક વ્યક્તિના સંબંધોને સંપર્કો-એ બધાં પરત્વેની જવાબદારી, વફાદારી, પ્રામાણિકતા, સચ્ચાઈ, સહૃદયતા વગેરે ગુણોને લીધે તેમાંથી જે એકનિષ્ઠા જન્મે છે, તે એકનિષ્ઠા જીવનને સર્વ પ્રકારના આડા અવળા, ઊભા કે વાંકા વળાંકોમાંથી, ચઢાણોમાંથી, ખીણમાંથી, વાંકીચૂકી થતી ને ઝાડીમાંથી પસાર થતી કેડીઓમાંથી પસાર કરાવીને સાંગોપાંગ પાર ઊતરાવે છે. પ્રભુકૃપાથી જીવનમાં જ્યારે સાધનામાં પડવાનું બનેલું, ત્યારે વૃત્તિ, લાગણી, ભાવના, ભાવ, વિચાર, પ્રેરણા વગેરેના મૂળમાં જવાની એક પ્રકારની સમતાયુક્ત તટસ્થતાભરી આદત કેળવાયેલી પડી હતી, ને તેથી એકનિષ્ઠાનું મૂળ શેમાં હોઈ શકે તે વિચારતાં વિચારતાં ઉપરનો અનુભવ થયો.**

### સાધનાનું હૃદય : એકનિષ્ઠા

અને સાચે જ એકનિષ્ઠ થયા વિના કશાના હાર્દમાં કોઈ પ્રવેશી શકતું નથી. એટલા માટે જ અને સાધનાનું હાર્દ પ્રભુ કૃપાથી અનુભવાયાથી જ દરેકને લક્ષણ વડે જ ઓળખવાની ટેવ પડેલી છે. **જો આપણાથી (સાધનામાં) એકનિષ્ઠ ન થવાયું હોય તો જરૂર સમજી**

**લેવું કે આપણને હજી ધ્યેય પ્રત્યેની વફાદારી, સચ્ચાઈ, સહૃદયતા વગેરે ખરા પ્રમાણમાં પ્રગટેલાં નથી.** તો તે પ્રગટાવવાં તે આપણું કામ છે. **એકનિષ્ઠા પ્રગટ્યા વિના આપણા પુરૂષાર્થમાં નવચેતન કે પ્રાણ પ્રગટી શકવાનાં નથી. જો ઉચ્ચ આદર્શવાળું જીવન જીવવું જ હોય તો તે પરત્વેની એકનિષ્ઠા, કાવેરી મૈયાનાં વહેતાં પાણીની પેઠે, આપણા જીવનમાં જીવતી થઈ ગયેલી હોવી જોઈએ. એકનિષ્ઠા વિના સાધનાના એકડાનું પણ મંડાણ થઈ શકવાનું નથી, તે જાણજો. એકનિષ્ઠા વિના ધ્યેયના માર્ગ પરત્વેનાં ઉત્સાહ, ખંત, હિંમત, સાહસ, ધીરજ વગેરે ગુણો ટકી પણ શકતા નથી. અરે ! સાધનાની વાત જવા દો, પરંતુ સંસારવ્યવહારના માર્ગમાં પણ સફળ થવાને કાજે એકનિષ્ઠાની પણ તેટલી જ જરૂર રહે છે. એકનિષ્ઠા વિના એકાગ્રતા ને કેન્દ્રિતતા જામી જ ન શકે. સાધનાનું હૃદય એકનિષ્ઠામાં રહેલું છે.**

## જે તે બધું પ્રભુનું જ છે અને પ્રભુને જ સમર્પણ કરવાનું છે.

**આપણે જે કર્મ દ્વારા ધન પેદા કર્યું છે, તે કર્મના સંસ્કારનું પ્રાયશ્ચિત જીવે કરવું જ ઘટે, જો તેવા જીવ ને પોતાના કે સમાજના પણ કલ્યાણની પડી હોય તો.** જે કોઈ **જીવ** ને પોતાના કલ્યાણની પડી જ ન હોય તેને કાજે તો આવી વાત છે જ નહિ; તો પણ તેવાએ ધર્મ કે ભાવના કે શાસ્ત્રની વાત કદી પણ કરવી ન ઘટે. **જો ધર્મ, શાસ્ત્ર કે ભાવનાની વાત કરવાપણું હોય તો તેવા જીવ ને એટલો તો ખ્યાલ હોવો ઘટે કે આપણે જે કંઈ કમાયા છીએ તેમાં પ્રપંચ હતો, હતો ને હતો જ.** પ્રપંચ વિના **આજના યુગમાં (કે કદાચ કોઈ પણ યુગમાં) ધનનો ઢગલો થવો શક્ય નથી.** એમાં માત્ર પ્રપંચના ઓછાવત્તા પ્રમાણનો સવાલ રહે છે.

કોઈ કહેશે કે એ તો પ્રારબ્ધથી મળ્યું. પ્રારબ્ધ ખરું; તેની ના નથી. પરંતુ આપણાં કેવાં કર્મથી નવું પ્રારબ્ધ આપણે જન્માવતા હોઈએ છીએ તેનો ઊંડો વિચાર કોઈ જ કરતું હોતું નથી; **તેથી હું તો માનું છું કે સમાજ પાસેથી મેળવેલું તે સમાજને પાછું વાળવું જ જોઈએ. કુદરતનો ક્રમ પણ તેવો જ છે.** પૃથ્વી પરનું જળ ઉપર જઈને તે પાછું પૃથ્વી પર જ વરસે છે; એવી રીતે **સમાજ કનેથી રળેલું, પ્રાયશ્ચિતની ભાવનાથી, ભક્તિભાવથી, સમાજરૂપી ભગવાનની સેવા-ભક્તિનો ખ્યાલ તે તે પળે જીવતો રાખીને જેટલું દાન જો અંતરના ઊમળકાથી અપાય-તેટલું યોગ્ય છે. તો જ આપણે તે ધનના સાચા ‘ટ્રસ્ટી’ છીએ;** ને તેવી ભાવના જગાડવામાં આપણે પ્રાણરૂપ પણ નીવડી શકીએ. **બાકી આજકાલ જે દાન અપાય છે તે તો કનિષ્ઠ પ્રકારનું છે ને તે પણ એક વહેવાર અને ઘરેડ જેવું થઈ પડેલું છે. લોકોને કંઠે પ્રાણ વછૂટે છે. એવા આપવાપણાથી ફળી પણ શું શકે ? ન આપનારનો શક્કરવાર વળે કે ન લેનારનો.**

**જે તે બધું પ્રભુનું જ છે ને પ્રભુને જ સમર્પણ કરવાનું હોઈ આપણું તો કશું જ નથી, એવો ભાવ હૃદયમાં જીવતો કરાવવાની સાધનાને માટે પણ પોતાનું બધું જ દાન કરવાનું જરૂરી છે. એણે આપેલું છે તે બધું એકલા પોતાને ભોગવવાને કાજે નથી, એ મારે મન તો નક્કી વાત છે.**

આ યુગના માનવીએ શક્તિનાં બળોને કબજે કર્યાં, પણ જીવનનું રચનાત્મક સર્જન એણે કેટલું ને શું કર્યું ? માનવી-માનવીને, દેશ-દેશને, સ્થળ-કાળને એણે નજીક તો આણ્યાં, પણ તે એક કરવા નહિ, પણ વધારે જુદાં પાડ્યા કરવાં.

એના ભક્તને જવાબ વાળવામાં શ્રી પ્રભુજીએ કદી પણ પાછી પાની કરી હોય, એવું અનુભવવામાં તો નથી. દુઃખ જ એ છે કે આપણે એના થઈ ગયેલા હોતા નથી, ને ખાલી ખાલી બરાડા પાડતા હોઈએ છીએ. આપણને એનું કશું જ લાગેલું તો હોતું જ નથી, ને ઉપરથી અજ્ઞાનથી ને સાવ મૂર્ખતાથી આપણે આપણને એના કહેવડાવવા માંગતા હોઈએ છીએ. આ એકવીસમી સદીની નવાઈ જ છે ને ? કંઈ જ કશું કરવું-કરાવવું નહિ ને કહેવડાવવું છે **‘વરની મા’** એવા હાલ આપણા બધાના છે.

*(અધ્યાત્મની અટારીએથી, બીજી. પૃ. ૩૩-૩૭)*

એવાં સોંપાયેલાં કર્મને જો પેલો જીવ તે કર્મ **પ્રેમ-ભક્તિ-ભાવના પ્રકટાવવા કાજે મળેલાં છે**, એમ તે વેળા સમજી-સમજી, તે કર્મનાં મહત્ત્વ, રહસ્ય, ખૂબી જો તે અંતરમાં અંતરથી સમજ્યા કરવાનું કરે, તેવાં મળેલાં કર્મને તે પોતાને જીવનમાં ઘડાવાને ઉત્તમ કરામત સમજી, એને એનાં સકળ પાસાંઓથી કરી ઉત્તમમાં ઉત્તમ રીતે આચરે, તે કરવામાં હૃદયના સકળ આનંદને પ્રકટાવી, તે આનંદને કર્મના પ્રેરકબળ તરીકે ઉપયોગમાં પ્રવર્તાવે, તો તો, તેવાં તેને સોંપાયેલાં કર્મ એને જીવનમાં પ્રકટાવ્યાં કરે. ગમે તેમ હોય, તેમ છતાં, **ગુરુ પોતાને મળેલાં સ્વજનોને એકની એક દશામાં પડી રહેવા તો દેતો નથી, એ તો ઊલટપલટ કરાવ્યા કરે છે.**

*(૫, જીવનપોકાર, ૨૧૮-૨૧૯)*

### જીવનવિકાસના હેતુ સાથેનું કર્મ

**હરિસ્મરણની ભાવનાનો સંસ્કાર એ કંઈ જેવી તેવી હકીકત નથી.** પ્રત્યેક થતાં રહેતાં વ્યવહાર, વર્તન, સંબંધ, સંપર્ક સંસારનાં સકળ કર્મ વગેરે વગેરે કર્મ બધામાં જો જીવનવિકાસનું જીવતુંજાગતું સ્મરણ રાખ્યાં કરવાનો અભ્યાસ પાડવાનું દિલથી સૂઝ્યાં જ કરે, તે તે પળે હરિસ્મરણની પ્રેમભકિત જો પ્રગટ્યાં કરતી હોય, **તે તે કર્મ ને તેનો હેતુ પ્રગટ્યા કરતા હોય, તે તે બધું જો પ્રભુ પ્રીત્યર્થે થયા કરતું હોય, ને પાછું તે તે બધું યજ્ઞની ભાવનાથી સમર્પણ થયાં કરતું હોય, તો તેવું કર્મ જીવનનો ઉઠાવ કેવો કરી શકતું હોય છે, એ તો એક તેવા ક્ષેત્રનો અનુભવી જ સમજી શકે. બાકીના જીવોને તેની કલ્પના પણ થવી શક્ય નથી.**

*(૫, જીવનપોકાર, ૩૮૭-૩૮૮)*

### કેવાં કર્મ જીવનવિકાસ કાજે જરૂરનાં છે ?

**કર્મ ગમે તેટલાં ઉત્તમ પ્રકારનાં હોય, તેમ છતાં કર્મમાં કર્મના પ્રકારનું માત્ર જડ ભાન હોવું, તે જીવનવિકાસ કાજે અયોગ્ય છે.** કર્મમાં કર્મના ક્ષેત્રનું જ્ઞાનભાન હોવા કરતાં **કર્મ કરવાપણાનો મૂળ આશય ને તે આચરતી પળે જ્ઞાનયુક્ત ભાવના પ્રકટેલાં રહેવા ઘટે તથા શાંતિ, સમતા, પ્રસન્નતા, ધીરજ, વિવેક આદિ તે તે કર્મ આચરવાની પળે આપણામાં પ્રકટેલાં હોય ને સમજણપૂર્વકનાં તે કર્મ થતાં હોય, તો, તેવાં કર્મ જીવનવિકાસ કાજે તો ખાસ જરૂરનાં છે.** જીવનનો કોઈ પણ, જે સાચો, અભ્યાસી છે, જીવનનો યોગ્ય જાણકાર છે, તે ઉપલી હકીકતને ના નહિ જ પાડી શકે.

**જીવ પ્રકારની વૃત્તિથી થતાં કર્મ તો જીવનને ઊલટાં વધારે કચડે છે, તે નક્કી જાણવું.** એ રીતે તો કર્મને આપણે કદી પણ ન કરવાં. આપણે જીવનને તે ઉકેલવાનું છે કે જીવનને વધારે ને વધારે જટિલ, વક્ર, ગૂંચવાયેલું, મૂંઝવણવાળું ને એવું એવું બનાવવાનું છે. **કર્મને માત્ર જડસુ રીતે કરવાથી કશો જ લાભ નથી.** *(૫, જીવનપોકાર, ૨૫૨)*

### જીવનવિકાસના હેતુથી આચરાયેલ કર્મ શક્તિપ્રેરક બની રહે છે

**માત્ર ઘરેડની રીતે, એક ઘટમાળની રીતે સવારથી ઊઠ્યાં તે સાંજ સુધીમાં એક ચાલુ કાર્યની હારમાળા, જાણે પાર ઉતાર્યા કરતાં હોઈએ તેવી રીતે, કર્મ કર્યા કરવામાં સાર નથી. કર્મ કરતાં, કરતાં, બળાપો, બેળેબેળેપણું લાગવાનું અનુભવવું, ત્રાસ અનુભવાય, અશાંતિ લાગે, અજંપો, ક્લેશ, સંતાપ, અકળામણ, મૂંઝવણ વગેરે વગેરે બધું લાગે, તો તેવી રીતે થતાં જતાં કર્મ તો સાવ મિથ્યા છે ને ઊલટું જીવને જીવની દશામાં, તેવી રીતે થતાં**

જતાં કર્મ, વધારે મક્કમપણે જકડનારાં નીવડે છે તે નક્કી. આપણે કર્મમાત્ર જે કર્યા કરીએ છીએ, તેવું કર્મ તો જીવકક્ષાને ઊલટું વધારે દ્રઢીભૂત કરનારું બનતું હોય છે. આપણે જે જે કંઈ કરીએ છીએ, તે આઘાત-પ્રત્યાઘાતથી પ્રેરાઈને કરતા હોઈએ છીએ અને **આઘાત-પ્રત્યાઘાતની ભૂમિકા એટલે તો કોઈ ને કોઈ પ્રકારની ક્ષુબ્ધતાની દશા અને એવી દશા તો જીવને વધારે બાંધનારી હોય છે.** આ હકીકત સમજાય તેવી છે. **રાગદ્વેષાદિ, દ્વંદ્વો મુકત પમાયેલી દશાથી, જે કર્મ બને તે જ સાચી રીતે તો કર્મ ગણી શકાય, જે કર્મ જીવનવિકાસના હેતુના જ્ઞાનથી ને તેવી ભાવનાથી આચરાય છે, તેવાં કર્મ પોતે જ, યજ્ઞનારાયણ સ્વરૂપે પ્રકટીને તેવાં કર્મ જીવનમાં શક્તિપ્રેરક બની શકે છે.** એવાં શક્તિપ્રેરક કર્મ તે જ સાચી રીતે જીવનને પલટાવનારાં બની શકે છે. **તેવાં પ્રકારનાં કર્મ એ માત્ર સ્થૂળ કર્મ નથી હોતાં, પણ, જીવનમાં શકિતને પ્રગટાવનારાં સંગીન આધારરૂપે બની જતાં હોય છે, ને અંતે તો એવાં કર્મ એ જ શક્તિ છે.** *(૫, જીવનપોકાર, ૨૫૧)*

### સર્વ કાંઈના મૂળમાં તો આપણું કર્મ જ

**જે કાંઈ બન્યા કરે છે તેના મૂળમાં તો આપણું કર્મ જ પ્રધાનપણે કારણરૂપ છે. એમ અનુભવમાં જ્ઞાનપૂર્વક જ નહિ, પણ એની ચેતનાશક્તિ સાથે આણ્યા કરીશું, તો જ, ભગવાન સચરાચર છે, એનો અનુભવ સાધકને થઈ શકવાનો છે.**

**જગતમાં બધું અભેદરૂપે જ તત્ત્વરૂપ છે. એટલે જે કંઈ બન્યા કરે તે આપણે લીધે જ છે. એનું મૂળ કારણ તો આપણામાંનું છે. એમ સમજીને એ કર્મ સાથે એવી રીતે વર્ત્યા કરવાનું છે, કે જેથી તે કર્મ ફરી આપણામાં બંધનરૂપે રહે નહિ.** તે તો જ બની શકે, **જો કર્મમાં માત્ર તે કર્મ પ્રમાણેની ભાવના કે વૃત્તિ કે ખ્યાલ પણ ન રાખતાં, સાધનાના ભાવવિકાસનો જીવંત ખ્યાલ, ભાન, જ્ઞાન રાખ્યા કરીને, તે તે બધું ભગવાનને સમર્પણ થયા કરે, ત્યારે જ આપણને કર્મ અડી શકવાનાં નથી.** કર્મની સાથે એનાં ગતિ કે પ્રકારની રીતે આપણે વર્તવાનું નથી જ, તે ધર્મ આપણો નથી. આપણે ઊલટી ગતિએ વહેવાનું છે. **મુશ્કેલીઓમાંથી માણસ શીખે છે. એનામાં પ્રાણ તેથી કરીને પ્રગટે છે.**

*('સંસ્કારવિચારકર્મ' વિશે, પૃ. ૫૭-૬૦)*

### કર્મના આચરણ વેળાની મનાદિકરણની શુદ્ધતા, શ્રેષ્ઠતા જરૂરી છે.

આપણે જે (કર્મ) જીવદશામાં કરતાં હોઈએ, તેવા જ પ્રકારનું કર્મ જુદી જુદી કક્ષામાં, જુદી જુદી રીતે, મૂલ્યાંકનને પામી શકાતું હોય છે. **આપણી જીવદશામાંના કર્મ ગમે તેવાં હોય, એનો હેતુ શુદ્ધમાં શુદ્ધ હોય, પરંતુ તે કર્મ કરવાપણામાં ઈન્દ્રિયો, મનાદિકરણો જે વપરાતાં હોય છે અથવા જે દ્વારા કર્મ થતાં હોય છે, તે કયાં શુદ્ધ થયેલા છે ?** અથવા તે શુદ્ધિને સ્વીકારવાને ને શુદ્ધ થવાની ભાવનાની ખાતર એવાં કર્મ કયાં તેનાથી થતાં હોય છે ? તેથી **બિચારો જેમ તેમ કર્મ કર્યે જાય છે. એના મનાદિકરણોનું જોવાની ક્યાં પડી છે ? જીવ તો કર્મમાં અટવાઈ પડવાનો છે. એટલે, ઉત્તમ કર્મની સાથે અથવા તો ગમે તે કર્મ કરતાં હોઈએ તે વેળા, કર્મ કરવાનાં સાધનો, એટલે કે, આપણી ઈન્દ્રિયો, મનાદિકરણો વગેરે ઉત્તમ પ્રકારનાં, સંપૂર્ણ શુદ્ધ, સાત્ત્વિક અને દિવ્ય બની ગયેલાં હોય, તો તે ઘણું ઉત્તમ છે. એટલે કર્મની યોગ્યતા જોવા કરતાં, ઈન્દ્રિયો ને મનાદિકરણોની પાત્રતા અને શ્રેષ્ઠતા યોગ્ય પ્રકારની થાય તે પરત્વેનો આપણો જીવતો-જાગતો ઝોક હેતુપૂર્વકનો વધે તે ઘણું જરૂરનું છે.**

*(૫, જીવનપોકાર, ૧૪૩-૧૪૪)*

# ૯. પ્રકૃતિ પર વિજય

– શ્રીમોટા

### મહત્ત્વનું હોય તેને જ વળગો

**જે કોઈ પરિસ્થિતિ આવી મળે કે હોય, તેમાં શાંતિ, ધીરજ રાખી શકાય, તેવી રીતે જીવવામાં જીવનનો ઉપયોગ છે એમ જાણવું.** આપણે બધાં જ્યાં સુધી જીવની કક્ષામાં છીએ, ત્યાં સુધી તે ભૂમિકાની કોઈ પણ લાગણી ચેતનની અપેક્ષાએ યથાર્થતાવાળી નથી નીવડતી. કોઈને અંગે આપણો રાગ હોય કે મોહ હોય, વેર હોય કે ગુસ્સો હોય, તો તે તેની તે સ્થિતિમાં રહી શકતાં નથી. એક પરત્વેનો રાગ, રાગ તરીકે પરેપૂરો ટકતો પણ નથી. **માટે જેમ બને તેમ લૌકિક દૃષ્ટિમાં જે રીતે મનની શાંતિ ઘવાય નહિ તે રીતે વિચારવાનું ને વર્તવાનું શ્રેયસ્કર છે.** આપણે મહત્ત્વનું શું છે તે ખ્યાલમાં રાખવું. મહત્ત્વને પકડીને બીજું જે જે કંઈ હોય તેને જતું કરી દેવું અને કોઈ પણ બાબતને મનમાં પકડી રાખવી નહિ. **કોઈ પણ વલણ ઊગ્યું કે તેને ઝટ કરીને પસાર થઈ જવા દેવું. અને આપણે તો આપણા કામમાં જ રાજી રહ્યાં કરવું.**

### વૃત્તિ-વિચાર પર વર્ચસ્વ મેળવવાનાં સાધનો

તેં લખેલી હકીકત ને તે પ્રસંગનું બ્યાન પણ જાણ્યું. આપણામાં શું શું ભર્યું છે તે જીવ સ્વભાવની રીતે પણ પૂરેપૂરું આપણે જાણી શકતાં નથી. **જે કાંઈ પડેલું હોય કે ઊભળે, તે વેળા પણ ઘણા (જીવો)ને તો તેની ખબર પણ પડતી નથી. જે જીવને ખબર પડે છે, તેવો જીવ જાગ્રતિપૂર્વક પ્રયત્ન તેવા કાળે કરે, તો તેમાંથી ઊગરી પણ શકે છે.** આપણા જીવ સ્વભાવમાં ને આપણી પ્રકૃતિમાં કેવાં કેવાં વલણો અને વળાકો પડેલાં છે, તેની જ જ્યાં પૂરી જાણ થઈ શકતી નથી, ત્યાં આપણા ચૈતન્યપણા વિષે તો પૂછવું જ શું ? **જે વસ્તુથી આપણે નિર્મૂળ થવું છે, તે વસ્તુથી બીવાથી કે ગભરાવાથી કશું વળવાનું નથી; અથવા તો તે વસ્તુ સાથે ભળવાથી પણ ન વળે, પણ તેનો તો યુદ્ધ આપી આપીને સામનો કરવો પડે.** વિકાર કે વાસનાને દબાવવાથી થોડીવાર તે શાંત હોય તેવું લાગે, પણ ફરીવાર તે ઊછળી આવે છે. **એટલે વિકાર કે વાસનાને શમાવવાનો ઉત્તમ ઉપાય તો મનને કોઈ ઉત્તમ વિચારની ધૂન લાગે, ને મન તેમાં પરોવાયેલું રહે, તો જ તે તેમ બની શકે; અથવા તો, માનસિક રીતે, જે જે વૃત્તિ, વિચાર કે લાગણી ઊઠે, તે વેળા શ્રી ભગવાનને ચરણકમળે જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ કરી દેવાની કળા જો આપણને સાંપડે તો પણ મન તેમાંથી હઠી જાય.** આપણા પોતાનામાં જે જે કાળે તેવી વૃત્તિ, વાસના, વિકાર વગેરે પ્રજ્વળે,તે તે કાળે જો આપણને તેનો જીવતો ખ્યાલ રહ્યા કરે ને તે સામે યુદ્ધ કરવાનું બને તો પણ કંઈ દહાડો વળે ખરો; અથવા તો જે કોઈ ઉચ્ચાત્મા હોય, અને તેના ચેતનપણાની અનુભવથી આપણને દૃઢ ખાતરી થઈ ગયેલી હોય, અને તેના વિષે મનમાં કંઈ કશા પ્રકારની આમ કે તેમ સગડગ ન હોય અને ખરેખરી પ્રેમભક્તિ હૃદયની જાગેલી હોય, તો તેને આપણું આવું બધું જે જે વેળાએ ઊગે, તે તે વેળાએ જ જો આપ્યાં કરીએ, તો ફાયદો થતો અનુભવાય છે.

### વૃત્તિ પલટાય, પણ નાશ ન પામે

સર્જન પ્રકૃતિનું એક મુખ્ય અંગ છે, એટલે સર્જન કાજેની જે વૃત્તિ તે સદાય કાયમ રહે છે. વળી એક અનંત સાથે સંકળાયેલું રહે છે. અને **આપણે એક છતાં ઘણાંની સાથે સંકળાયેલાં છીએ; એટલે તેવી રીતે સંકળાવાને કાજે જે જે વૃત્તિની ને જેવી જેવી વૃત્તિની જરૂર હોય છે, તે પણ બધી રહ્યાં કરે છે; તેનો નાશ કદી થઈ શકતો નથી.** જગતમાં કશાનો નાશ નથી. માત્ર ફેરબદલો થઈ શકે છે. **માટે સજાગ રહેવું એ સાધકનું પહેલામાં**

**પહેલું કર્તવ્ય છે. જાગ્રતિ વિના સાધનામાં એક ડગલું પણ આગળ ન ભરી શકાય.**

### વૃત્તિને જીતવાની રીત

બધા જીવમાં આ વસ્તુ હોય તેમાં કંઈ કોઈનો દોષ નથી. શરીરની એ તો એક નિમ્ન પ્રકારની ભૂખ છે. પરંતુ એ ભૂખના વલણને કોઈ રચનાત્મક માર્ગની લગનીમાં લગાડી શકાય ને તે માર્ગે જો તે વાળી શકાય, તો કારજ ઉત્તમ રીતે સરે. **બાકી સંસારવહેવારમાં રહેવું ને બીજા જીવો જેમ રહેતા હોય, તેમ રહેવાનું થયા કરે તો આ વૃત્તિ, વાસના ને અન્ય વિચારોને રોક્યા રોકી શકાય તેમ નથી.** સમાજના આ બાબત વિષેના કુછંદને બરાબર રીતે કોઈ જાણી શકે તેમ નથી; એની તો અટપટી રમત છે. પરંતુ આપણે ગભરાવાની જરૂર નથી. આ કાગળમાં રસ્તા બતાવ્યા છે.

### સાધના દરમિયાન વૃત્તિના ખાસ જબરા હુમલા

હજી તો તે રાક્ષસે નઈ જેવી જ દેખા દીધી છે. બાકી ખરી રીતે તો જ્યારે એના સત્ય સ્વરૂપમાં તે દેખા દે, તો શું શું થાય એ જીરવી શકાવું પણ દુર્લભ છે. તો આબેહૂબ નૃત્યો, દૃશ્યો એવાં તો બદલાતાં બદલાતાં રૂપો લે કે ન પૂછો વાત ! એક જીવ તે બધું મે લખેલું છે. **મૌન-એકાંતના યજ્ઞમાં કોઈ કોઈ જીવને એકદમ જ્વાળામુખીની પેઠે ઉત્કટપણે કોઈ વૃત્તિનો હુમલો જબરદસ્ત થાય છે.** એવા હુમલાનું વર્ણન કરવું એ ખોટું છે, પરંતુ તે વેળા માનવીનું જોર ચાલતું નથી, **પરંતુ જો તે ગુરુમાં રહેલા ચેતનને તેવી વેળા પ્રેમભક્તિપૂર્વક સાદ પાડે છે, તો તેને મદદ મળતી અનુભવાય છે.**

કોઈ પણ જીવ જેમ ને જેવો છે ને જેટલો ને જેમ વ્યક્ત થયેલો છે, તેટલો અને તેમ છે એવું કશું જ નથી.

### ચેતનની ભૂમિકા જ માનવીને ટકાવે

ભગવાન પર ભરોસો રાખીને એનું નામસ્મરણ કરી કરીને વારંવાર એને સાદ પાડીને એની કૃપા-મદદ યાચ્યાં કરીએ અને એની પ્રાર્થના કર્યાં કરીએ. જીવનમાંના રચનાત્મક ગુણો આપણામાં સુદઢપણે થાય એ તો જરૂરનું છે જ, પણ તેટલાથી પતતું નથી. સદાચાર અને નીતિના ધોરણ પરનું જીવન એ તેની ભૂમિકાથી માનવીને એવાં કોઈ આત્મવિશ્વાસ અને નિષ્ઠા નથી જન્મી જતાં કે જે એની જીવનની કટોકટીની પળે એને ટટ્ટાર ઊભો રખાવી શકે. કોઈ એક ગુણની જીવનમાં વિશિષ્ટ પ્રકારે ઉત્તમતા કેળવાયેલી હોય, દા. ત. **શૂરવીરપણાનો ગુણ મૂળથી જ પ્રકૃતિમાં હોય, તો સામી છાતીએ ગોળી વાગતાં ટટ્ટાર ઊભો રહી શકે તેવું બને છે;** એટલે મારું કહેવું તો એમ છે કે **એવી રીતે સદાચાર અને નીતિની ભૂમિકામાં રહેવા ઉપરાંત જો ચેતનની ભૂમિકામાં જીવની નિષ્ઠા જન્મે તો તેવો જીવ સર્વ કોઈ સંજોગોમાં ટટ્ટાર ઊભો રહી શકે છે.**

### સ્વપ્નમાંથી ઘણું સમજાય

તને આવેલું સ્વપ્નું રહસ્યવાળું છે અને તેમાં ઘટના રહેલી છે. દરેક જીવમાં સારાપણું ને નરસાપણું એ બન્ને રહેલું છે. તારા સ્વપ્નમાં તો તારી 'તું' એ બીજી 'તું' ઉપર સરસાઈ ભોગવી છે; એવું તેમાં રહસ્ય છે. પ્રભુકૃપાથી તે સ્વપ્ન સાચું નીવડો એવું આપણે પ્રાર્થીએ.

### સાચી ભાવના ઘણું કરી શકે

...બહેનની હકીકત જાણી મનમાં જો તેની સાથે સુમેળ કરવો જ છે, એવી દઢ ભાવના ને સમજણ હોય, તો પછી તેની સાથે ઠીક થઈ જતાં વાર નહિ લાગે. જ્ઞાનપૂર્વક સમર્પણ કરવામાંથી આનંદ મળે છે. એવો તેની સાથેનો તને થયેલો અનુભવ આધ્યાત્મિક માર્ગમાં સમર્પણ કરતાં તને શીખવાડે, અને તેમાંથી આનંદ મેળવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો તો ઘણું કમાઈ ગયાં ગણાઈએ. આ અંગે જરૂર પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પ્રયોગો કરતાં રહેવું.

## અનુભવ આપણો ગુરુ

સમર્પણ કર્યું એનું, નામ કે તે જો સાચી રીતે થયું હોય તો જે બાબતનું **સમર્પણ કર્યું હોય તે ફરીથી આપણામાં જીવ સ્વભાવની કક્ષામાં કે જીવ સ્વભાવની રીતે ઊગે નહિ. સમર્પણના યજ્ઞનો આનંદ જો એક વાર સાચેસાચી એ પૂરી રીતે હૃદયથી અનુભવાયો, તો એ યજ્ઞનાં ખૂબી અને રહસ્ય તથા મહત્ત્વ આધ્યાત્મિક માર્ગમાં કેટલાં બધાં મોટાં છે તે સમજાઈ જવાનું. જે વસ્તુ હજારો વાર લખ્યે કે સમજણ પાડ્યે ન બની શકે, તે એવા પ્રકારના અનુભવમાંથી પ્રાપ્ત થઈ જાય છે. તેથી 'અનુભવ જેવો સાચો ગુરુ નથી' એમ જ્ઞાની પુરુષોએ કહેલું છે. જેને જાણવું છે, સમજવું છે, ને અનુભવવું છે, તે તો તેના અનુભવથી પારખી શકાય.** એક વખત એમાં ગમ પડવા માંડે કે પછી એ તો ગાડી ચાલ્યા કરે છે. એમાં કેટલાક કહે છે તેમ માત્ર કલ્પનાના તરંગો નથી હોતા. કલ્પનાના તરંગો તો ઘડી ભર મનને ઉત્તેજના આપીને શમી જાય, ને તે ઉત્તેજાતાં શમતાં પાછું મન વિવશ પણ બની જાય; પણ અનુભવમાં તેવું નથી હોતું. **અનુભવમાં તો નક્કર હકીકતપણું રહેલું છે ને સચોટતા રહેલી છે, અને વસ્તુની તાદૃશ્યતા અનુભવમાંથી આપોઆપ ઊગે છે માટે સમર્પણ વિશેની તેં જે વાત લખી છે, તે જો કરતી રહે, તો તને સમજણ પડે.** લાગણીવાળો જીવ, કંઈ કશુંક કોઈ બાબતમાં થતાં તેનામાં લાગણી એકદમ ઊભરાઈ આવે અને તેમાં તણાઈ પણ જાય. તેને લીધે તેને તેમ લાગે. **પણ અનુભવમાં માત્ર એકલી લાગણી હોતી નથી. તેની સાથે ભાવના, વિચાર, સમજણની મક્કમતા અને તેમાંથી પ્રગટતું જ્ઞાન-એ બધું સાથે સાથે હોય છે. એટલે જ અનુભવને ગુરુ કહેલો છે.** અનુભવથી જે શીખતો રહે છે, ને અનુભવથી પોતે જે તારવવાનું કરે છે તેને કદી પણ પાછા પડવાપણું બનતું નથી. શંકા-કુશંકાઓને તે પોતાના અનુભવના જ્ઞાન વડે કરીને હઠાવી શકે છે. એક અનુભવ થતાં તેમાંથી જે કંઈ મળે તેના વડે કરીને તેનાથી ઉચ્ચતર પ્રકારના અનુભવમાં પ્રવેશ કરી શકાય છે, એવો અનુભવનો પ્રદેશ છે. અનુભવ આપણા સ્થૂળ મન ને ઇંદ્રિયોને અંતરનાં ચક્ષુઓ આપે છે, ને નવા પ્રાણ રેડીને નવી સમજ પ્રકટાવે છે. આપણી લાગણી કે કલ્પનાના પ્રદેશને તે હકીકતના પ્રદેશમાં લઈ જાય છે, ને આપણને નવા જીવની માત્ર ઝાંખી કરાવે છે એટલું જ નહિ પણ તેના પરત્વે આપણને ગતિ અને પ્રેરણા બન્ને આપે છે ને ઉત્સાહનું જોમ પ્રેરે છે.

*(જીવન પ્રવાહ, પૃ. ૨૯-૩૦)*


**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃૐ આશ્રમ, નડિયાદ**, HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ નીચે દર્શાવેલ વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળવાપાત્ર થશે નહિ. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

## પ્રેમની સરળતાથી મન ખાલી રાખો

**પ્રેમમાં જે સરળપણું છે તેવું સરળપણું જીવનમાં આવવાની જરૂર છે. કોઈને વિષે કંઈ વિચાર આવે તો એને સંઘરવા નહિ. વિવેક વાપરીને કહી દેવા.** કોઈને કોઈ લખવાનું મન થાય કે કોઈની બાબત મનમાં આવ્યાં કરતી હોય તો તે વિવેકપૂર્વક લખી નાખવી. મનને આઠે પહોર અન્ય વિચારો—અન્ય લાગણી—અન્ય ભાવો ને અન્ય બાબતોથી ખાલી ને ખાલી જ રાખ્યાં કરવાનું છે.

## અનુભવ, શ્રદ્ધા, પુરુષાર્થ ને સમર્પણનું વર્તુળ

અનુભવમાંથી સતત શ્રદ્ધા મેળવ્યાં કરશો. શ્રદ્ધા અને વિશ્વાસ વધતાં જતાં એનાથી પુરુષાર્થમાં વધારે ખંત, હોંશ, વેગ ઉમેરાતાં જશે ને પાછું એ બધું ભગવાનને ચરણે સમર્પણ કર્યા કરશોજી. એમાંથી વળી પાછા નવા અનુભવ અને વળી વધારે ઊંડી શ્રદ્ધા, એમ વર્તુળો થયાં જશે.

## પ્રાપ્ત કર્મોને પ્રભુની પ્રસાદી જ ગણવી

જે કામ આપણે માથે આપણું વિચારેલું આવી પડતું નથી, પણ ફરજ રૂપે આવી પડે છે એનાથી ભાગવાની વૃત્તિ કદી ન કરવી કે ન રાખવી. એમાં આનંદથી પણ સાથે સાથે ગૌણપણે-ને રસ તો પેલામાં જ (પ્રભુ-ચિંત્વનમાં) રાખીને-ભાગ લેવો. જે કાંઈ આવી મળે એને પ્રભુની પ્રસાદી તરીકે ગણી લેવાની આપણી પૂરી તૈયારી જોઈશે. એ તો હળાહળ ઝેર પણ મળે. સમુદ્રમંથન આપણે તો કરવા બેઠા છીએ, એટલે **જે મળે તે એની પ્રસાદી તરીકે પ્રેમથી ગ્રહણ કરવાનું છે, પણ જે કરીએ તે સમજણથી અને સમર્પણ કરતાં કરતાં કર્યા કરીએ, ને પ્રિયનો સ્મરણયજ્ઞ ચાલુ રાખ્યાં જ કરીએ.**

## સંતોષ કે અવગણનાની લાગણી ન રાખો

**કોઈના તરફ અવગણનાની લાગણી ન ઉદ્‌ભવે એ આપણે જોતા રહેવાનું છે.** કશી કોઈ પણ બાબતમાં સંતોષાઈ જવાનું નથી. કોઈ પણ બાબતમાં જ્યાં આપણે રસ લીધો અને ‘હા-શ’ની લાગણી અનુભવી કે એટલી તમન્નાની વૃત્તિ ઓછી થવાની જ.

## સાધકનું જગત પરત્વેનું વલણ

**જગત તરફનું આપણું દ્રષ્ટિબિંદુ અત્યાર સુધી જુદી જાતનું હતું, તે દ્રષ્ટિબિંદુ ભલે આપણે ન રાખીએ તે ઈષ્ટ જ છે, પરંતુ સાથે સાથે માર્દવતા, પ્રેમભાવ, આર્દ્રતા, આદરભાવ ને સહાનુભૂતિ પ્રત્યેક પ્રત્યે જેમ આપણામાં વિકાસ પામે તેમ તે આપણને સાધનામાં બળ ઉમેરનારાં માલુમ પડવાં જોઈએ** અને તે સાથે સાથે આપણામાં રહેલા સ્વાભાવિક ગુણો (મર્દાની ગુણો) આપણને સતત આગળ વધવામાં, વળગી રહેવામાં ને અડચણોમાં સાથીની જેમ હૂંફ આપનારા નીવડવા જોઈએ.

**આપણામાં રહેલી શક્તિ તો પોતાનું કામ કર્યું જ જશે, આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ તોપણ, પણ એનો જાગૃતિયુક્ત દૃઢ-સંકલ્પપૂર્વક ઉપયોગ જો આપણે કરીએ તો ધાર્યું ફળ પ્રાપ્ત કરી શકીએ.** એ માટે આપણામાં પૂરી દક્ષતા ને કાબેલિયતપણાની જરૂર રહે છે. તેમ જ સાથે સાથે તેટલી જ પ્રેમભક્તિયુક્ત જાગૃતિ પણ જરૂરની છે જ, ને એ શક્તિનો ઉપયોગ ક્યાં ને કેવી રીતે કરવાનો છે ને શેને માટે કરવાનો છે એનો પણ ખ્યાલ રહેવો ઘટે છે.

## ૧૧. સેવાધર્મો પરમ ગહનો — શ્રી નંદુભાઈ શાહ

સેવાધર્મ ખૂબ ગહન ગણાયો છે. '**સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્યમ્**' એવું સંસ્કૃત વિધાન છે. યોગીઓને પણ દુષ્કર એવો એ સેવાધર્મ છે. આ શાથી ? શા માટે એને વધુ ગહન ગણ્યો હશે ? એના રહસ્યમાં શરણાગતિનું તત્ત્વ જવાબદાર છે. **શરણાગતિ બરાબર કેળવાય નહિ ત્યાં સુધી સેવાધર્મ બરાબર બજાવી શકાય નહિ. સેવા અને શરણાગતિ સાથે સાથે જાય છે અને સાચી શરણાગતિ અહમ્‌ને ઓગાળ્યા વિના અશક્ય છે. સાધનાના સર્વોચ્ચ સોપાનનો સ્પર્શ કર્યા વિના અને ત્યાં સ્થિત થયા વિના સંપૂર્ણ સાચા સેવક થવું એ અશક્ય છે. એટલે જો સાચી સેવા કરતાં આવડી જાય તો જીવનનું કલ્યાણ આપોઆપ થઈ જાય.**

**સેવક એટલે સદા તત્પર, સેવક એટલે જીવનવિકાસના માર્ગનો જ્ઞાનપૂર્વક સ્વીકાર.** કશુંયે તેને ના આવડે કે ના આવડી શકે તેવું ના હોય. અલબત્ત, જગતના વહેવારનાં બધાં જ ક્ષેત્રમાં કોઈ પણ પારંગત ન હોઈ શકે. કિંતુ સેવકને જ્યારે જેની જરૂર પડે ત્યારે તે તેને શીખી લઈ શકે. તેને શીખવું મુશ્કેલ ન બને. તે કંટાળે નહિ. કશાથી ભાગે નહિ. તેની ગ્રહણશક્તિ સતેજ હોય. ધારક શક્તિ સ્થિર ધીર હોય. **સેવક સદા ગતિશીલ ને સદા ઉલ્લાસિત, ઉમંગી અને ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવાની શક્તિ ધરાવતો હોય, તેને નીરોગીપણું પણ હોવું જોઈએ.**

**સેવકની સ્મૃતિ યથાયોગ્ય સમયે યથાવત્ કામ આપનારી હોય-હોવી જોઈએ.** તેની કાર્યશક્તિ અનેકગણી વધી જઈ શકે છે, કંઈ પણ કશું કહેવામાં આવ્યું હોય તે તરત સ્મૃતિમાં ધારણ થઈ જવું ઘટે છે. ને તેનો જ્યારે ને જ્યાં ઉપયોગ કરવાનો હોય ત્યાં ને ત્યારે તે તેને ઉપયોગમાં આવે. આને માટે એકાગ્રતા જોઈએ. વળી, તેનામાં **અવલોકનશક્તિ (Observation Power) પણ સારી રીતે વિકસેલી હોવી જોઈએ, તો તેની સેવામાં સારો ઉઠાવ આવી શકશે.**

**સેવકનો ઊંઘ ઉપર કાબૂ હોવો જોઈએ. ભૂખ અને તરસ તેના તાબાની વસ્તુ બની રહેવી જોઈએ. સ્ફૂર્તિ, ચપળતા, દક્ષતા, સાવધાનતા, ચકોરતા અને ઝડપ તેનામાં હોવાં જોઈએ.** ઝડપ નહિ હોય તો કામ યથાયોગ્યપણે નહિ થાય. કાર્યને ઉત્તમ રીતે કરવા માટે વ્યવસ્થિત, દક્ષતા ને સાથે સાથે ઝડપ પણ હોવી જોઈએ. ઝડપ એ સેવાનું એક આવશ્યક અંગ મનાયું છે. **ઝડપ એટલે ગતિ. રજસ્ ઉપરનો કાબૂ. જ્ઞાનપૂર્વકનો રજસ્ આ બધા ઉપરાંત મનની નીરવતા જેટલાં પ્રમાણમાં વધુ તેટલી તેની સેવા વધુ દીપી ઊઠવાની.** મન શાંત નીરવ ન હોય તો પ્રસન્નતા નહિ હોય, શરણાગતિ નહિ હોય. આમ, સેવકે સત્ત્વ ગુણમાં પ્રતિષ્ઠિત બનેલા રહેવું જોઈએ. અને આમ હોય તો જ બુદ્ધિ પણ તેજસ્વી ને તીક્ષ્ણ હોય. સેવકની બુદ્ધિ પણ સૂર્યસમ તેજસ્વી જોઈએ. અને આ બધા ગુણસમૂહ ઉપરાંત કળશરૂપે ભક્તિ પ્રગટી હોવી જોઈએ. **ભક્તિ વિના સર્વાંગી સાચી સેવા અશક્ય,** આમ, આપણે જોઈશું તો **સેવા એટલે જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણીસંગમ. ત્રણે યોગમાં પારંગત.** સેવા કરવા માટે આવા બધા ગુણોનો વિકાસ કરવો જોઈએ ને સાથે સાથે ભક્તિ પ્રગટાવવી જોઈએ યા પ્રગટવી જોઈએ. આ બધું જોતાં આધ્યાત્મિક ઊંચી કક્ષાએ પ્રગટ્યા વિના સેવાધર્મ અપનાવી શકાય નહિ. એટલે કે સફળતાપૂર્વક યથાયોગ્યપણે બજાવી ન શકાય. જીવનવિકાસ કાજે સેવાધર્મ અપનાવવો સહાયક છે, ઘણો સહાયક છે. પ્રભુના, ગુરુના કે કોઈના પણ સાચા સેવક થવું એટલે જીવનવિકાસના સર્વોચ્ચ સોપાને સ્થિત થવાનો આદર્શ સેવીને તેને પ્રાપ્ત કરવો. આવા જ કોઈ કારણસર સેવાધર્મને પરમ ગહન ગણ્યો હશે.

*('આશ્રમની અટારીએથી'ચોથી, પૃ.-૯ થી ૧૧)*

## ૧૨. અદ્‌ભુત પ્રેમમૂર્તિ મોટા

– ડૉ. સુમન્ત શાહ

મોટાનો સૌથી પહેલો મેળાપ ૧૯૫૦ની આસપાસ થયો હતો. દાંતના ડૉક્ટર કાપડિયાની કન્સલ્ટિંગ રૂમ પર તેઓશ્રી આવેલા. એ વખતે હરિજન આશ્રમમાં રહેતા હતા. પણ આ મુલાકાત વખતે તેઓશ્રીની પ્રેમકૃપાનું જે બીજ અજાણ પણે મારામાં મુકાયું હશે એ પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં.

પૂજ્ય શ્રીમોટાએ સમાજકલ્યાણની યોજનાઓ કરી અને એ માટે રકમ એકત્ર કરવાનું શરૂ કર્યું. એમની યોજનાઓએ મને આકર્ષ્યો અને ફરીથી તેઓશ્રી સાથે સમાગમ થયો અને એ સમાગમથી જ ઘરોબો થયો.

પૂજ્ય શ્રીમોટાના સમાગમ પછી અને અદ્‌ભુત ઘટનાઓ મેં અનુભવી છે. એનો વૈજ્ઞાનિક ખુલાસો મને મળતો નથી તેમજ હું એ ઘટનાઓને નકારી પણ શકતો નથી. એક વખત મારા ચહેરા પરની મૂંઝવણ કળી જઈને પૂજ્ય શ્રીમોટાએ મને કારણ પૂછ્યું. મારા પુત્ર નીતિનને M.D.ની ઓરલ (મૌખિક) પરીક્ષામાં તકલીફ રહ્યા કરતી હતી. એની મેં વાત કરી, તો મોટાએ નીતિનને પોતાની પાસે બોલાવીને કશીક વિધિ કરી. નીતિને એ પરીક્ષામાં પોતાની કલ્પના બહાર ઉત્તરો આપ્યા અને પાસ થયો. આ ઘટના મારાથી ઝડપથી વિસરાઈ ગઈ હતી.

એ પછી નીતિનને હાથની બિમારી થઈ હતી. ઘણા ઉપચારો છતાં એનો રોગ ચિંતાજનક બનતો હતો. મોટાએ એના એ હાથ પર પોતાનો હાથ ફેરવ્યો. નીતિન તદ્દન સાજો થઈ ગયો ! તબીબી વિષયનો અભ્યાસ તથા ઉપચારપદ્ધતિનો લાંબાગાળાનો મારો વ્યવસાય છતાં અમારાથી જે ન બની શક્યું એ મોટાથી થયું. મારા માટે એ મોટું આશ્ચર્ય હતું.

**મોટા મને કહેતા કે, તમારા કુટુંબમાં નીતિન સાથે પૂર્વજન્મનો સંબંધ છે. એ મારો નિમિત્ત-સંબંધ છે. એથી જ હું તમારે ઘરે પણ આવું છું.**

એ ઉપરાંત તેઓશ્રીએ કૃપા કરીને મારી પુત્રી નીતાનાં લગ્ન કરાવ્યાં હતાં. એ દૃશ્ય અનુપમ હતું. ૧૯૭૫માં તેઓશ્રીએ 'ભાવહર્ષા' પુસ્તક અમને અર્પણ કરીને અમને ધન્ય કર્યા હતા. સૌથી છેલ્લી વાર હું તેઓશ્રીને વિદુબહેનને ત્યાં મળેલો.

મોટાએ સૂચવેલી સાદી વાત - ભગવાનનું નામસ્મરણ કરવું - મને ખૂબ ગમતું.

તેઓશ્રીના દેહત્યાગ પછી પણ મોટાનું સ્મરણ અવારનવાર થયા કરે છે. હવે તો એમનાં પુસ્તકોમાં રસ પડે છે. એ વાંચું છું.

મારી છેલ્લી માંદગી અત્યંત ગંભીર હતી. મોટાનું એકાએક ખૂબ સ્મરણ થયું અને અદ્‌ભુત રીતે ગંભીર સ્થિતિમાંથી ઝડપથી બહાર આવી જવાયું. દુ:ખમાં રામ સાંભરે - એવું મારી બાબતમાં પણ ખરું. સુખના દિવસોમાં આ બધું વિસરાઈ જાય છે.

આમ છતાં હું કબૂલ કરું છું કે મોટાના જે ઉપકારો છે એની સામે-સમય જતાં પણ તેઓશ્રીએ પ્રેરેલ કાર્યોમાં સહાયભૂત થવામાં હું મોળો પડ્યો છું. તેમ છતાં મોટાના જીવનની ખૂબી એ છે કે એમની યાદ આવ્યા જ કરે છે.

*(તા. ૨૩-૪-૯૪ના રોજ લખાયેલ મુદ્દાને આધારે)*

*સૌજન્ય : હરિવાણી.*

## હરિ:ૐ આશ્રમ, નડિયાદને પાછલા બે માસ દરમ્યાન મળેલ દાન

| | | |
|---|---|---|
| (૧) | જૂન, ૨૦૨૬ | ૨,૨૪,૮૭૦-૦૦ |
| (૨) | જુલાઈ, ૨૦૨૬ | ૫,૫૨,૬૦૯-૦૦ |

## હરિ:ૐ ગુંજનને મળેલ આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| (૧) | સ્વામી કૃષ્ણાનંદજી આશ્રમ (ભાદરણ) | રૂ. ૧૧,૦૦૦ |
| (૨) | શોભનાબેન વી. પટેલ (જલુંદમોટા) | રૂ. ૫,૧૫૧ |
| (૩) | વંદનાબેન શરદકુમાર ઠાકર (વિદ્યાનગર) | રૂ. ૫,૧૦૧ |
| (૪) | રજનીકાંતભાઈ સિદ્ધપુરા (અમદાવાદ) | રૂ. ૫,૦૦૦ |
| (૫) | ભાવનાબેન ભદ્રેશભાઈ મિસ્ત્રી (અમદાવાદ) | રૂ. ૫,૦૦૦ |
| (૬) | પરાગભાઈ એમ. ભક્ત (વડોદરા) | રૂ. ૩,૫૦૧ |
| (૭) | ઈલાબેન શાહ અને તેમનો પરિવાર (અમદાવાદ) | રૂ. ૨,૫૦૧ |
| (૯) | ઈલાબેન એન. શાહ (અમદાવાદ) | રૂ. ૧,૦૦૦ |
| (૮) | માલતીબેન ગોવિંદભાઈ પટેલ (સુરત) | રૂ. ૨,૫૦૦ |
| (૧૦) | ભરતકુમાર વી. પટેલ (અટલાદરા) | રૂ. ૫૦૦ |
| (૧૧) | જિગીશભાઈ મધુકાંતભાઈ શાહ (અમદાવાદ) | રૂ. ૫૦૦ |
| (૧૨) | નિતિનભાઈ પ્રભુલાલ ઉપાધ્યાય (નડિયાદ) | રૂ. ૫૦૦ |

પૂજ્ય શ્રી મોટા આશ્રમને દાન તેમજ આર્થિક સહયોગ આપનાર ઉપરોક્ત સ્વજનોનું યશ, કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના.

## ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

૧. સુરત નિવાસી સ્વ. ધીરેશભાઈ જોગીના નાના ભાઈ સ્વ. પ્રકાશભાઈ હરમુખલાલ જોગીનો સ્વર્ગવાસ તા. ૨૨-૦૬-૨૦૨૬ના રોજ થયો છે. પૂજ્ય શ્રીમોટા મુંબઈ જતા ત્યારે તેમના પિતાશ્રી હરમુખલાલ જોગીના ઘેર વેલાર્ડ વ્યુમાં ઉતરતા. આખું કુટુંબ પરિવાર પૂજ્ય શ્રીમોટાના રંગે રંગાયેલ છે.

૨. પૂજ્ય શ્રીમોટાએ ઉદારતાના ગુણને બિરદાવતા જેમને 'ભામાશા' તરીકેની ઉપમા આપી હતી તેવા સ્વ. કરશનભાઈ મેઘજીભાઈ ચોવટીયા, હાલ સુરત નિવાસીનો અક્ષરવાસ તા. ૦૫-૦૮-૨૦૨૬ના રોજ થયેલ છે. તેમણે પૂજ્ય શ્રીમોટાના સમાજને બેઠો કરવાના કાર્યમાં ઉત્સાહથી આર્થિક સેવા કરેલી છે. તેમજ પૂજ્ય શ્રીમોટાના હરિ:ૐ આશ્રમ સુરતના 'રામનવમી' ઉત્સવ ત્રણ વખત ઉજવેલ છે.

**પૂજ્ય શ્રીમોટા સર્વે ગતાત્માને તેમના ચરણકમળમાં સ્થાન આપે તેવી હૃદયથી પ્રાર્થના.**


હરિઃૐ











# જન્મદિન મંગલાષ્ટક

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
'સો સો તું શરદો જીવો જગતમાં', એ પ્રાર્થીએ સૌ અમે,
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૧ ॥

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન–જન્મથી સુરગણો આનંદભાગી બન્યા,
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૨ ॥

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં,
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૩ ॥

આત્માનંદ મહીં સદા વિચરતા, રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવિયા આદર્શ મોંઘામૂલા,
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા, ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૪ ॥

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં, વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી;
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય–મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૫ ॥

સૌના દોષ અસંખ્ય ને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૬ ॥

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્‌ભાગ્યશાળી બન્યાં;
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૭ ॥

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ–ભાવના શુભ ગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું સ્વીકારજો પ્રેમથી ! ॥ ૮ ॥

– પુષ્પાબહેન દલાલ

**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL